Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ઓક્ટોબર,૨૦૨૩
01 October 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઈ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



||या देवी सर्वभूतेषु, शक्तिरूपेण संस्थिता,
नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै नमो नमः||

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સર્વ વાચક મિત્રોને નવરાત્રીની શુભેચ્છાઓ

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**
M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**
MBBS, MS, OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**
MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701

hello@mayflowerhospital.com

+91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

Special NRI Season Offer
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS | GAJANAND® RETAIL

# દેશની યાદગીરી, ગજાનંદ મસાલા વગર અધૂરી

ફ્રી Silver Coin

₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો

₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો



## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિક્સ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રૂટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

**એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ**

રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઈટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

**ઉમાસૃષ્ટિ**

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**ઓક્ટોબર ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૨ **અંક:** ૦૬
**સળંગ અંક :** ૧૮
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

**October 1, 2023**
**Year :** 02 **Ank :** 06
**Owner :** Vishv Umiya Foundation




**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel




**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી**
**Consultant**






પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઇ   પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai   Padmashri-Devendra Patel

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi


**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $


**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com


**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222


**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમ




**૧૦** વેદોનો દિવ્ય સંદેશ

**૧૧** શ્રી રામચરિત માનસ કથાસાર

**૧૨** પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે

**૧૩** ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી

**૧૪** વિશ્વના પહેલા અને શ્રેષ્ઠતમ મેનેજમેન્ટ ગુરુ

**૧૫** માનવ જીવન અને આધ્યાત્મિકતા

**૧૬** તમારું બાળક તમારી કઈ વાત પર ગૌરવ લે છે?

**૧૭** એવા હતા અમારા શિક્ષકો


**૧૮** મારા દેશના નામે પત્ર

**૧૯** જેને પેદા કરતાં આવડે એને જ ખરચતાં આવડે છે

**૨૦** અક્ષરથી અ-ક્ષર સુધી પ્રેરનાર પરમ પૂજ્ય પિતાશ્રી

**૨૧** 'જે પોષતું તે મારતું: એવો દીસે ક્રમ કુદરતી!' - કલાપી

**૨૨** વસમી વિદાય

**૨૪** નારીનાં વિવિધ સ્વરૂપો

**૨૯** મેરી બાત રહી મેરે મન મેં... ઊલઝન અને ગેરસમજનો સરવાળો




**૩૦** માતા-પિતાની ૧૦ ભૂલ, બાળકનો બગાડે ભવ

**૩૧** માણસ તન કરતાં વધુ મનથી બુઢ્ઢો થઈ જાય છે

**૩૨** હૈયું અને હાથ એ તો ઈશ્વરનાં વરદાન!




**33** લઘુકથા: ગામની આબરૂ

**૩૪** શરતનું પરિણામ !

**૩૫** પોતાનું સ્મરણચિહ્ન મૂકી જવું જોઈએ?

**૩૬** હું મને ભૂલી ગયો છું

**૩૮** 'વન્દે માતરમ્'

**૩૯** બાલ સૃષ્ટિ

**૪૦** પ્રવૃત્તિઓનો અહેવાલ

**૪૨** પ્રવૃત્તિઓ

**૪૪** સમાચાર


**૪૮** પ્રતિભાવ


**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

## તંત્રીલેખ



**- ડો. પ્રભુદાસ પટેલ**




લક્ષ્મી પુણ્યથી મળે છે. જો મહેનતથી મળતી હોત તો મજૂર પાસે કેમ નથી? બુદ્ધિથી મળતી હોત તો પંડિતો પાસે કેમ નથી? જિંદગીમાં સારાં સંતાન, સંપત્તિ અને સફળતા પુણ્યથી જ મળે છે. જો તમે ઈચ્છતા હો કે તમારો આ લોક અને પરલોક સુખમય રહે તો આખા **દિવસમાં ઓછામાં ઓછાં બે પુણ્યકાર્ય જરૂર કરજો. પુણ્યથી બધું જ પ્રાપ્ત થશે.**

# આસમાનને આંબતો - મા ઉમિયાનો ગગનવિહાર...

**પ્રિય વાચક મિત્રો!**

તમે કલ્પના કરો કે ૫૦૪ ફૂટ ઊંચું શિખર જોવા માટે ગળાને કેટલા અંશ સુધી ઊંચું કરવું પડે? પૂરું ૧૮૦ ડિગ્રી માથું ઊંચું ઊંચકાય તો શિખરનાં દર્શન થાય. જો તેટલું માથું ન ઊંચકાય તો મંદિરથી દૂર જવું પડે. ઓછામાં ઓછા એક કિ.મી. તો દૂર જવું જ પડે, **તો ૪૫ ડિગ્રી સુધી માથું ઊંચકી શિખર અને ધજાનાં દર્શન થાય!**

**તો સજ્જન મિત્રો!**

સમગ્ર વિશ્વમાં સૌથી ઊંચું જગત જનની મા ઉમિયાનું શક્તિમંદિર તૈયાર થશે ત્યારે દુનિયાભરનાં સમાચાર માધ્યમો, પત્રકાર મિત્રો, સાધુઓ, સંતો, સંન્યાસીઓ, મહાત્માઓ, ધર્મના વડાઓ, મંડલેશ્વરો, શંકરાચાર્યો, ઓજસ્વી-તેજસ્વી રાજપુરુષો અને સમાજના વડાઓ સહિત લાખો ભક્તોની ઉપસ્થિતિમાં મા ઉમિયાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થશે. ...ત્યારે આપણે દુનિયાની સાત અજાયબીઓ ભણ્યા હતા - આઠમી અજાયબી સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને **વિશ્વ ઉમિયાધામમાં ૫૦૪ ફૂટ ઊંચું મા ઉમિયાનું શક્તિમંદિર નવમી અજાયબી કહેવાશે.**

**હે મા ઉમિયાના અમૃતપુત્રો!**

આસમાનને આંબતો આ મા ઉમિયાનો ગગનવિહાર અને સોને મઢ્યું એનું શિખર, બાવન ગજની ફરકતી એવી ધજાનાં દર્શન માત્રથી ધન્ય થઈ જવાશે. ઊગતા સૂરજનું પહેલું કિરણ આ ગગનવિહારના શિખરનો અભિષેક કરશે ત્યારે ઝગમગતા પ્રકાશથી ઉત્પન્ન થયેલા ઓરા આ સમગ્ર તીર્થક્ષેત્રને આહ્‌લાદક અને અદ્‌ભુત નઝારો દર્શાવતું આપણા સૌના હૃદયને પુલકિત કરશે. દશે દિશાના વાયુઓ ધજાને હવામાં રમાડશે ત્યારે માની નૃત્ય કરતી ધજા **'મા ઉમિયા અહીં બિરાજે છે'** તેવો નિર્દેશ કરતી લાગશે. આકાશમાંથી પસાર થતાં વાદળો શિખર અને ધજાને સ્પર્શીને **'શ્રી उमिया शरणं मम्'ના મંત્રનું રટણ કરતાં મેઘદૂત બની દુનિયામાં વિખરાશે.**

**તો હે ઉમાવંશીઓ!**

ચાલો! આપણી હયાતીમાં આ નવમી અજાયબીના નિર્માણના સાક્ષી બનીએ. આ પણ એક પ્રકારની ભક્તિ જ છે. કશું જ નહીં તો 'ખિસકોલી' ભાવથી કંઈક ને કંઈક આ તીર્થક્ષેત્ર માટે ન્યોચ્છાવર કરીએ. આ મંદિર નિર્માણમાં મારો પણ કંઈક હિસ્સો છે એ ભાવ પેદા કરવા માટે એક ઈંટદાન, ભૂમિદાન, હૂંડીદાન, શીલાદાનનો સહયોગ કરીએ. તમારું ફક્ત ને ફક્ત એક ચોરસ વાર ભૂમિદાન આ તીર્થક્ષેત્રની **લગભગ ત્રણ લાખ ચોરસ વાર જગ્યામાં તમે જ્યાં ઊભા રહો તે જગ્યાના તમે દાતા છો એવો ભાવ થશે.**

**...અને છેલ્લે, વ્હાલા ભક્તો!**

આપણી કુળદેવી અને જગત જનની મા ઉમિયા માટે તમારી અંદર કંઈ પણ કરવાનું ઝનૂન હોય તો જોડાઈ જાવ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથે. વિશ્વ ઉમિયાધામ પુણ્ય ક્ષેત્ર છે - તીર્થક્ષેત્ર છે. હવે આ તીર્થક્ષેત્રની કોઈ અવગણના કરી શકે તેમ નથી. અહીં ભવિષ્યનું તેજ ઝળકી રહ્યું છે. આ **સંસ્થાના આધારસ્તંભ સમાન - મજબૂત ઈરાદાના માનવી શ્રી આર. પી. પટેલનું નેતૃત્વ અને તેમની સાથે સમગ્ર ટીમ લાગી છે. તેમની સરાહના કરીએ અને વધાવીએ.**

### માણિક્યમ્

**આપણું ઘર ભલે 'દેવાલય' ના હોય, પણ એ 'સ્નેહાલય' તો બની શકે જ. ઘરના તમામ લોકો તરસી આંખે તમારી વાટ જોતાં હોય અને તમે સ્મિત રેલાવતા ચહેરા સાથે ઘરમાં પ્રવેશ કરો ત્યારે ઘરના લોકો પ્રેમ-લાગણી અને શાંતિની અનુભૂતિ કરે તો માનજો કે તમારું ગૃહાગમન સફળ થયું છે.**

**- ચં. ચી. મહેતા**

તંત્રી

# પ્રમુખશ્રીની કલમે



## દરરોજ રાત્રે જમ્યા બાદ પરિવારના તમામ સભ્યો અને સંતાનો સાથે ઘરસભા થવી જોઈએ

મિત્રો, આજે આપ સર્વેની સમક્ષ ધર્મ - સમાજ અને સંગઠન અંતર્ગત કેટલીક ચિંતાજનક પરિસ્થિતિની વાત કરવી છે :

આપણે સૌ જાણીએ છીએ કે કેટલાક સમયથી સમાજમાં દિકરીઓ માતા-પિતાની મરજી વિરુદ્ધ પરજ્ઞાતિ કે વિધર્મીઓની સાથે ભાગીને લગ્ન કરે છે અને લવજેહાદના ચક્કરમાં ફસાઈ જાય છે. કેટલાક અસામાજિક અને અનિષ્ટ તત્ત્વો ઈરાદાપૂર્વક સમાજની દિકરીઓને પ્રેમના પ્રપંચમાં ફસાવીને કે ધાક-ધમકી આપીને કે છળકપટ કરીને કે ભૌતિક ભોગ વિલાસની લાલચો આપીને લગ્ન કરવા માટે ફરજ પાડે છે. ઈરાદાપૂર્વક દિકરીઓના પરિવારની મિલ્કતમાં ભાગ પડાવીને ઐયાશી કરવાના મનસૂબા સાથે આયોજનબદ્ધ રીતે દિકરીઓને ફસાવવાનું ષડયંત્ર રચે છે અને છેવટે દિકરીનો પરિવાર કફોડી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે.

ઉપરોક્ત પરિસ્થિતિ માટે ક્યાંકને ક્યાંક દિકરીઓની સાથે પરિવાર પણ જવાબદાર છે. નોકરી - ધંધામાં માતા-પિતાની અતિ વ્યસ્તતા તેમજ મોબાઈલ અને ટી.વી. પ્રત્યેનું માતા-પિતાનું વળગણ કિશોરાવસ્થામાં પ્રવેશેલી દિકરીઓ માટે જોખમી બની જાય છે. પરિવારમાં પ્રેમ શોધતી દિકરીને પરિવારમાંથી પ્રેમ કે હૂંફ ન મળવાને કારણે અનિષ્ટ તત્ત્વોના હાથમાં ફસાઈ જાય છે અને પછી અકલ્પનીય પરિસ્થિતિનું નિર્માણ પરિવારમાં આકાર પામે છે. આનો ઉકેલ શું? પરિવારના બધા જ સભ્યોએ આ પ્રકારની બનતી ઘટનાઓ અટકાવવા શું કરવું જોઈએ ? તે માટે હાલની પરિસ્થિતિમાં દરેકે મનોમંથન કરવાની ખૂબ જ જરૂર છે. આ માટે મેં પણ ખૂબ જ મંથન કર્યું છે અને મારો સ્પષ્ટ અભિપ્રાય છે કે સૌ પ્રથમ.....

દરરોજ રાત્રે જમ્યા બાદ પરિવારના તમામ સભ્યો અને સંતાનો સાથે ઘરસભા થવી જોઈએ. સંતાનો સાથેનો માતા-પિતાનો વ્યવહાર મૈત્રીપૂર્ણ અને નિખાલસ હોવો જોઈએ. સંતાનોની મનોદશાને સમજવાનો સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સંતાનોની દરેક પ્રવૃત્તિઓમાં રસ લઈ તેમને પ્રોત્સાહિત કરવા તત્પર રહેવું જોઈએ.

સનાતન વૈદિક ધર્મ આધારિત ભારતીય સંસ્કૃતિ આપણા સૌની જીવન જીવવાની ગાઈડ છે. સામાજીક જીવનના વિકાસનો મૂળભૂત આધાર આધ્યાત્મિક ચેતના છે અને તેને ઉજાગર કરવા મંદિરોનું નિર્માણ આવશ્યક છે. મંદિરો આસ્થા અને શક્તિના કેન્દ્રો છે, ઊર્જાના સ્રોત છે. જે વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવનાને ઉજાગર કરે છે. સામાજિક ભાવનાને મજબૂત બનાવે છે અને સમાજને સંગઠીત કરે છે, ત્યારે સમાજમાં ઘટતી જતી ધાર્મિક ભાવનાને ઉજાગર કરવા તેમજ સમાજના પ્રવર્તમાન પ્રશ્નો સામે સંગઠીત થઈ પ્રતિકાર કરવા દર શનિવારે સાંજે ૭-૦૦ વાગે નજીકના મંદિરોમાં કે પોતપોતાની સોસાયટીમાં ભગવાન કે માતાજીની સામૂહિક આરતી કરવા એકત્રિત થવું જોઈએ અને સંગઠનના માધ્યમથી સામાજીક લેવલે ઉદ્‌ભવતી સમસ્યાઓના ઉકેલ માટે વિચાર મંથન કરી નક્કર પગલાં લેવા જોઈએ.

ઉપરોક્ત વિગતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને સંગઠનના માધ્યમ દ્વારા તાલુકા અને જીલ્લા સ્તરે ઉપર જણાવ્યા મુજબની સીસ્ટમ શરૂ કરી દીધેલ છે અને આજે અંદાજીત ગુજરાતના ૧૩ શહેરોમાં દર શનિવારે સાંજે ૭-૦૦ કલાકે નજીકના કોઈપણ મંદિરમાં કે જે તે સોસાયટીમાં સામૂહિક આરતી શરૂ થઈ રહેલ છે. આ બાબતે આપણે સૌ જાગૃત થઈએ અને દર શનિવારે આરતીના માધ્યમથી એકત્રિત થઈએ - સંગઠીત થઈએ અને સમાજના પ્રશ્નોના ઉકેલ માટે પ્રતિબદ્ધ બનીએ. સનાતન ધર્મની ભારતીય સંસ્કૃતિને ગૌરવપૂર્ણ રીતે સમાજમાં ઉજાગર કરીએ.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

विश्व ઉમિયાધામ
અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

# મેટ્રીમોનિયલ સર્વિસીસ @



**સાયન્સ સીટી, અમદાવાદ**

૮૦૭, "ફોર્ચ્યુન બીઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં,સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
(Mob.) 63599 87827 email:vivah@vishvumiyafoundation.org

**અલથાણ, સુરત**

૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં, અલથાણ, સુરત. (Mob.) 93767 55588, 97122 03130, 93747 13357

**: ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે :**

ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org

OR

સંસ્થાની વેબસાઈટ : vishvumiyafoundation.org ઉપર જઈને Matrimonial Portal NEW પર ક્લીક કરી ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકાશે.

**ખાસ સુવિધા**

પ્રાથમિક તબક્કે અનુકૂળતા હોય તેવા દિકરા - દિકરીઓને તેમના વાલી સાથે ઓફિસમાં મીટિંગ કરી આપવામાં આવે છે.

**મુખ્ય કાર્યાલય**

''વિશ્વ ઉમિયાધામ'' વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, અમદાવાદ-૩૮૨૭૨૧. મો. ૭૨૦૨૦૮૦ ૨૨૨ / 333
www.vishvumiyafoundation.org I E-mail : contact@vishvumiyafoundation.org. I www.facebook.com/VishvUmiyaFoundation




Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow



**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**ब्रह्मगवी पच्यमाना यावत् साभिविजङ्गहे ।
तेजो राष्ट्रस्य निहन्ति न वीरो जायेत वृषा ।।**

(અથર્વવેદ ૫/૧૯/૪)



**ભાવાર્થઃ** જયાં બ્રહ્મદેવતાઓ અને વેદવિદ્યાનો સતત અનાદર થાય તે રાજ્ય નષ્ટ થઈ જાય છે. ત્યાં કોઈ તેજસ્વી અને વીર હોતું નથી.

**સંદેશઃ** બ્રાહ્મણ કોને કહેવાય? ઋષિ કોને કહેવાય? જે સંસારમાં બધા સંસ્કારવાન બનાવવાનું કામ કરે તેને કહેવાય. ફક્ત પૂજાપાઠ કરવાથી અથવા કર્મકાંડનો ઢોંગ કરવાથી સમાજને લાભ થતો નથી. એવા બ્રાહ્મણોનો પોતાનો વેપાર ચાલે છે, સુખસુવિધા અને ધનદોલતનો ઢગલો થાય છે, પણ તેનાથી કોઈ આધ્યાત્મિક લાભ મળતો નથી અને સમાજમાં સુખસમૃદ્ધિ આવતાં નથી. પહેલાં બાળકોએ પચીસ વર્ષ સુધી ગુરુના આશ્રમમાં સાત્ત્વિક વાતાવરણમાં રહીને વિદ્યા ગ્રહણ કરવી પડતી નથી. તેનાથી **જ્ઞાનવાન, સદાચારી અને કર્તવ્યપરાયણ નાગરિકોનું નિર્માણ થતું હતું. દુર્યોધન અને રાવણ જેવા થોડાક અપવાદ હતા.**

**[ ધર્મતંત્ર હંમેશાં રાજતંત્રને માર્ગદર્શન આપતું હતું. ધર્મનો અંકુશ રહેવાથી રાજતંત્ર નિરંકુશ આચરણ કરી શકતું ન હતું અને સમાજમાં અરાજકતા તથા ભ્રષ્ટતા ઘૂસવાની હિંમત કરી શકતી ન હતી ]**

ઋષિઓ શિક્ષણ અને સંસ્કાર જ નહીં, પરંતુ સમય અને પરિસ્થિતિ અનુસાર રાજ્યની નીતિ પણ નક્કી કરતા હતા. તેઓ ઢોલ પીટતા નહોતા. જેવો સમય આવ્યો તેવાં જ કામ કર્યાં. સમસ્યાનું મૂલ્યાંકન કરવું અને તેનો ઉકેલ મેળવવો એ તેમનું મુખ્ય કામ હતું. તેમની પાસેથી સલાહ-સૂચન મેળવ્યા વિના રાજ્યમાં કોઈ કામ થતું નહોતું. ચાણક્ય નાલંદા વિશ્વ વિદ્યાલયના કુલપતિ હતા. ત્યાં સમગ્ર વિશ્વના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હતા.એની સાથે સાથે ચાણક્ય ચંદ્રગુપ્તના મંત્રી પણ હતા. તેઓ રાજ્ય ચલાવતા હતા. રાજા બધું કામ ગુરુની આજ્ઞા લઈને કરતા હતા. ધર્મતંત્ર હંમેશાં રાજતંત્રને માર્ગદર્શન આપતું હતું. ધર્મનો અંકુશ રહેવાથી રાજતંત્ર નિરંકુશ આચરણ કરી શકતું ન હતું અને સમાજમાં અરાજકતા તથા ભ્રષ્ટતા ઘૂસવાની હિંમત કરી શકતી ન હતી. ધર્મનો વાસ્તવિક અર્થ કર્તવ્યપાલન. જ્યારે **રાજ્યસત્તાનાં મૂળ ધર્મની ફળદ્રૂપ જમીનમાં ઊંડે સુધી જઈને કસ ખેંચે છે ત્યારે તેમાં યશ અને કીર્તિનાં સુગંધિત પુષ્પો ખીલી ઊઠે છે.**

આજે રાજ્યોની શિક્ષણનીતિ એવી છે કે તેનાથી લોકોની નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિ શક્ય નથી. વૈદિક સાહિત્ય અને સદ્‌ગ્રંથોના વાંચન તથા અભ્યાસને પ્રોત્સાહન અપાતું નથી. નૈતિક શિક્ષણ તો બધી સ્કૂલોમાં બંધ કરી દેવામાં આવ્યું છે. પહેલાં નિત્યકર્મોની જેમ દરરોજ થોડોક સમય નિયમિત રૂપથી વેદાધ્યયન કરવાની પરંપરા હતી, એક-બે મંત્રો અથવા શ્લોકોનો સ્વાધ્યાય, તેમની વ્યાખ્યા ઉપર ચિંતન, સત્સંગ, ગોષ્ઠિ વગેરેનો ક્રમ ચાલતો હતો. આ પ્રકારના જ્ઞાનવાન અને ચારિત્ર્યવાન માણસોને રાજ્યાશ્રય મળતો હતો અને સમાજમાં પ્રતિષ્ઠા મળતી હતી. તેનાથી યોગ્ય, રાષ્ટ્રભક્ત અને ઉત્તમ ચારિત્ર્યવાળા નાગરિકોની વૃદ્ધિ થતી હતી અને દુર્ગુણી, **દુરાચારી તથા દુર્વ્યસની માણસની ઉપેક્ષા અને તિરસ્કાર થતો હતો, તેમને દંડ મળતો હતો. રાજ્યનો યશ અને કીર્તિ વધતાં હતાં.**

બ્રાહ્મણત્વની સાર્થકતા ત્યારે જ છે કે જ્યારે જ્ઞાનવાન, ચારિત્ર્યવાન અને નિષ્ઠાવાન વ્યક્તિઓને યોગ્ય પ્રોત્સાહન, સંરક્ષણ અને સન્માન મળે છે. **આપણા બધાનું એ પુનિત કર્તવ્ય છે કે વેદવિદ્યાના વિદ્વાનોનો અનાદર ન થવા દઈએ.** ■



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથાઃ** શ્રી રામજીએ મનમાં ગુરુને પ્રણામ કર્યા અને ઘણી જ સ્ફુર્તિથી ધનુષને ઊંચકી લીધું. ધનુષ લેતાં, ચઢાવતાં, ખેંચતાં કોઈએ ન જોયું. આ ત્રણે કામ એટલી ઝડપથી થયાં કે કોઈને ખબર જ ન પડી. એ જ ક્ષણે **શ્રી રામજીએ ધનુષને વચમાંથી તોડી નાખ્યું. ભયંકર ધ્વનિ થયો. બધા શ્રી રામજીનો જયકારો બોલવા લાગ્યા.**

**હવે આગળઃ**

प्रभु दोउ चापखंड महि डारे
देखि लोग सब थये सुखारे

પ્રભુએ ધનુષના બંને ટુકડા પૃથ્વી પર નાખી દીધા. આકાશમાં અત્યંત જોરથી નગારાં વાગવા લાગ્યાં. બ્રહ્મા આદિ દેવતા પ્રભુની પ્રશંસા કરી રહ્યા છે. સખીઓ સહિત રાણી અત્યંત હરખાયાં. **જનકજીએ શોક ત્યજીને સુખ પ્રાપ્ત કર્યું.**

सुखिन्ह मध्य सिय सोहति कैसें
छबिगन मध्य महाछबि जैसें

સખીઓની વચમાં સીતાજી એવાં શોભિત થઈ રહ્યાં છે, જેમ ઘણી શોભાઓની વચમાં મહાશોભા હોય. શ્રી રામજીની શોભા જોઈ રાજકુમારી સીતાજી જાણે ચિત્રમાં ચીતર્યાં હોય તેવાં થઈ ગયાં. **તેમના કરકમલમાં સુંદર જયમાળા છે, જેમાં વિશ્વવિજયની શોભા છવાયેલી છે.**

चतुर सखी लखि कहा बुझाई
पहिरावहु जयमाला सुहाई

ચતુર સખીઓએ કહ્યું, 'સોહામણી જયમાળા પહેરાવો.' આ સાંભળી સીતાજીએ બંને હાથથી માળા ઊંચકી. સખીઓ ગીતો ગાવા લાગી અને ત્યારે સીતાજીએ શ્રી રામના ગળામાં જયમાળા પહેરાવી. શ્રી રઘુનાથજીના હૃદય પર જયમાળા જોઈને **દેવો ફૂલ વરસાવવા લાગ્યા. નગર અને આકાશમાં વાજાં વાગવા લાગ્યાં.**

नाचहि गावहिं बिबुध बधूटीं
बार बार कुसुमांजलि छूटी

દેવાંગનાઓ નાચવા-ગાવા લાગી છે. વારંવાર હાથોમાંથી પુષ્પાંજલિઓ છૂટી રહી છે. પૃથ્વી અને પાતાળ તથા સ્વર્ગ ત્રણેય લોકમાં યશ ફેલાઈ ગયો કે શ્રી રામચંદ્રજીએ ધનુષ તોડી નાખ્યું અને સીતાજીનું વરણ કરી લીધું. નગરમાં નર-નારી આરતી કરી રહ્યાં છે અને **પોતાની યોગ્યતાને ભૂલીને પોતાની સંપત્તિ ન્યોચ્છાવર કરી રહ્યાં છે.**

सोहति सीय राम कै जोरि
छबि सिंगारु मनहुं एक ठोरि

શ્રી સીતા-રામજીની જોડી એવી સુશોભિત થઈ રહી છે, જાણે સુંદરતા અને શ્રૃંગારરસ એકત્ર થઈ ગયો હોય. સીતાજીનો અલૌકિક પ્રેમ જાણીને રઘુકુળમણિ શ્રી રામચંદ્રજી મનમાં હસ્યા. તે સમયે સીતાજીને જોઈને **કેટલાક રાજાઓ લલચાઈ ઊઠ્યા. કેટલાક રોષે ભરાયા અને બકવાસ કરવા લાગ્યા.**

लेहु छडाई सीय कह कोउ
धरि बांधहु नृप बालक दोउ

કોઈ કહે છે સીતાને છીનવી લો અને બંને રાજકુમારોને પકડીને બાંધી લો. અમારી હયાતીમાં રાજકુમારીને કોણ પરણી શકે છે? જો જનક કંઈ સહાયતા ન કરે તો **યુદ્ધમાં બંને ભાઈઓ સહિત એને પણ જીતી લો. ત્યારે સજ્જન રાજા બોલ્યા.**

बलु प्रताप बीरता बहाई
नाक पिना कहि संग सिधाई

અરે! તમારું બળ, પ્રતાપ, વીરતા, મોટાઈ અને પ્રતિષ્ઠા તો ધનુષની સાથે જ ચાલ્યાં ગયાં. આવી દુષ્ટ બુદ્ધિ છે એટલે જ વિધાતાએ તમારાં મુખો ઉપર મેંશ લગાડી દીધી. જેમ ગરુડનો ભાગ કાગડો ઈચ્છે, સિંહનો ભાગ સસલું ઈચ્છે, લોભી-લાલચુ કીર્તિ ઈચ્છે તેમ હે **રાજાઓ! સીતાને માટે તમારી લાલચ પણ એવી જ વ્યર્થ છે.**

(વધુ આવતા અંકે... પરશુરામ આગમન.)

ધર્મ સૃષ્ટિ



**સુરેશ દલાલ**
લેખક જાણીતા ઊંચા ગજાના વિવેચક,
કવિ અને સાહિત્યકાર હતા

# પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે

**[ પ્રાર્થનાનો આપણે સંકુચિત અર્થ લઈને જીવી જઈએ. મુશ્કેલીમાં જે કરીએ તે પ્રાર્થના, મદદ માટેની યાચના તે પ્રાર્થના નહીં. સાચી પ્રાર્થના કરવાની નથી હોતી, એ આપમેળે થતી હોય છે. પ્રાર્થના એટલે ઈશ્વરનું સાંનિધ્ય... ]**

બીજી ઓક્ટોબર આવે છે અને જાય છે. ગાંધીજી આપણી ખૂબ જ પાસે અને આપણે ગાંધીજીથી સહસ્ર જોજન દૂર. ગાંધીજીની વાણી સીધી, સાદી, સરળ - એમના જીવન જેવી, ગંગાના જળ જેવી. ગુજરાતી ભાષા ધન્ય કે એમની આત્મકથા આપણને આપણી માતૃભાષામાં મળી. ગાંધીજીનાં વાક્યો ટૂંકાં ટચ. જલેબી જેવું ગોળગોળ કશું એમને ફાવે નહીં. રાજકારણનો જીવ, તાજકારણનો નહીં. દેશસેવા એ જ પ્રભુસેવા. સત્ય એ જ પરમેશ્વર. સમગ્ર જીવન પ્રયોગશાળા. આવો માણસ ફરી પાછો ક્યારે થશે એ જ પ્રશ્ન છે. 'સંભવામિ યુગે યુગે' એવું કૃષ્ણે કહ્યું, પણ પ્રશ્ન એ છે કે ગાંધી ક્યારે થશે અને કયા યુગમાં? અને માની લો કે ગાંધી ફરી પાછા પ્રગટે તો યુગને એની જરૂર છે ખરી? આજે ગાંધીજી જીવતા હોત તો ગોડસે હત્યાના પાપમાંથી બચી જાત. આ બધો ભ્રષ્ટાચાર ને ગંદવાડ જોઈને ગાંધીજીએ પોતે આત્મહત્યા કરી હોત. **છેલ્લા દિવસોમાં એ નિર્ભ્રાન્ત થઈ ગયા હતા. સોનાના ચહેરાવાળા માણસો માટીપગા નીકળ્યા.**

પ્રાર્થનાનો આપણે સંકુચિત અર્થ લઈને જીવી જઈએ. મુશ્કેલીમાં જે કરીએ તે પ્રાર્થના, મદદ માટેની યાચના તે પ્રાર્થના નહીં. સાચી પ્રાર્થના કરવાની નથી હોતી, એ આપમેળે થતી હોય છે. પ્રાર્થના એટલે ઈશ્વરનું સાંનિધ્ય - થોડીક ક્ષણો જાત સાથે પણ વાત કર્યા વિના નર્યા મૌનમાં જીવીએ તે... પ્રાર્થનાને ભાષા નથી હોતી. એ ભાષાથી પર છે. **હૃદયના ઊંડાણમાં કેટલી હદે ઊંડે ને ઊંડે જઈ શકો છો અને ત્યાં સ્વસ્થ અને સ્થિર રહી શકો છો એના આધારે પ્રાર્થનાનું શિખર પ્રકટે છે.**

હૃદય શાંત, સ્વચ્છ, આરસના મહેલ જેવું ડાઘડૂઘ વિનાનું. પ્રાર્થના રોજ થવી જોઈએ. બધા જ જોડે બોલબોલ કરીએ અને ઈશ્વર સાથે સાવ અબોલા? આ કેમ ચાલે? રોજ સવારે ઘરમાં ઝાડુ કાઢીએ છીએ તો કંઈક ને કંઈક ધૂળ, કચરો ઇત્યાદિ નીકળે જ છે. મનમાં પણ જાતજાતના સારા-નરસા વિચારો-વિકારો આવનજાવન કરતા જ હોય છે. વિચારના ડાઘા મનને લાગ્યા વિના રહેતા નથી. **એ મનને દૂષિત ને દોષિત કરે છે. પ્રાર્થના દોષને દૂર કરી આપણને નિર્દોષ કરે છે.**

પ્રાર્થના એ જાત સાથેનો સંવાદ છે. સંવાદ એટલે અહીં વાર્તાલાપનો - ડાયલૉગનો કેવળ અર્થ નથી. સંવાદ એટલે હાર્મની. સુમેળમાંથી પ્રગટતું સંગીત. અનેક વાદ્યો વાગતાં હોય અને એમાંથી જે સંગીત પ્રગટે તે. **આપણામાં રહેલાં અનેક સત્ત્વો અને તત્ત્વોનું એક જ ભૂમિકાએ કોઈ પણ પ્રકારના ખટરાગ કે વૈમનસ્ય વિના થતું મિલન.**

હું પ્રાર્થના કરું છું ત્યારે શું કરું છું? અસહાય થઈને મદદ માગું છું? વિનંતી કરું છું, કાકલૂદી, આજીજી કરું છું? વિષમ પરિસ્થિતિમાંથી ઊગરવા માટે પ્રાર્થું છું. વાતચીતમાં એક સાધકે કહ્યું હતું, 'પડોશી પાસે મદદ માગો છો તો ઈશ્વર પાસે મદદ માગવાનો સંકોચ શા માટે?' મા-બાપ પાસે બાળક નહીં માગે તો કોની પાસે માગે? **આપણું ધ્યાન એ રાખતો તો હોય જ છે. પણ આપણે જુદી જુદી રમતોમાં - મમતોમાં બેધ્યાન થઈ જઈએ છીએ.**

પ્રાર્થના ચમત્કાર વિનાનો ચમત્કાર છે. **આપણને શાંત, સ્વસ્થ તથા નિર્ભય અને નિર્મળ કરે છે. પ્રાર્થના નમ્રતાનો આવિષ્કાર છે.** ■





**પૂજ્ય રમેશભાઈ ઓઝા**
લેખક સાંદીપનિ ગુરૂકુલના સ્થાપક,
મોટા ગજાના કથાકાર અને વિદ્વાન ભૂદેવ છે.

# ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી




**લોકોના જીવનને સત્સંગ પ્રેરિત કરે છે, મૂળ સોતા માણસને બદલવાની તાકાત અધ્યાત્મમાં છે, ધર્મમાં છે... સાચા મનુષ્યનું નિર્માણ કરવાનું સામર્થ્ય ભાગવત અને રામાયણ જેવા ગ્રંથોમાં છે**

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે સુંદર કલ્પના કરીને લખ્યું છે કે આ ધરતી પર જન્મ લેતું પ્રત્યેક બાળક એ પ્રતીતિ કરાવે છે કે ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી. ભગવાનને માણસજાતમાં હજી શ્રદ્ધા છે. એટલે જ નવજાત શિશુ જન્મે છે. નહીંતર ભગવાને શિશુઓને ધરતી પર મોકલવાનું બંધ કરી દીધું ન હોત? ખોટનો ધંધો હોય તો શું ચલાવવું? પણ હજી ઈન્સાન જન્મે છે એનો અર્થ ઈશ્વરે હજી માણસ ઉપરનો ભરોસો ગુમાવ્યો નથી. ભગવાનને ભરોસો છે કે માણસ સુધરશે. આજે નહીં તો કાલે સુધરશે. એક વખત એ લાઈન ઉપર જરૂર આવશે. **ઈશ્વરના વિશ્વાસ ઉપર આપણે ખરા ઊતરીએ, શુદ્ધ થઈએ.**

તો કળિયુગનો આ ચમત્કાર છે. લોકો હજી સાંભળે છે. એમને સાંભળવું ગમે છે. હજારોની સંખ્યામાં લોકો સભામંડપમાં બેસે છે. હવે તો ટીવીના માધ્યમથી કથાઓ લાઈવ બની છે. કથા મંડપમાંથી ઘર સુધી પહોંચી છે. **વહેલી સવારના ધાર્મિક કાર્યક્રમો પ્રસારિત થતાં જોવા માટે લોકો વહેલાં ઊઠતાં થયાં છે.**

ઘણી જગ્યાએ લોકો કહેતા હોય છે કે, 'ભાઈશ્રી, મને મોડા ઊઠવાની ટેવ હતી, પણ તમારી કથા જ્યારથી શરૂ થઈ છે ત્યારથી વહેલાં ઊઠી જઈએ છીએ.' આ સારી નિશાની છે અને મારા પરિભ્રમણ દરમિયાન મેં જોયું છે કે કેટલાય લોકોના જીવનમાં પરિવર્તન આવતું હોય છે. જે ક્યારેય મળ્યા ન હોય અને **માત્ર ટીવી પર કથા સાંભળી હોય અને જીવનમાં પરિવર્તન આવ્યું હોય આવા અનેક લોકો મારા પરિચયમાં છે.**

કહેવાનું તાત્પર્ય એ છે કે લોકોના જીવનને સત્સંગ પ્રેરિત કરે છે. મૂળ સોતા માણસને બદલવાની તાકાત અધ્યાત્મમાં છે, ધર્મમાં છે. **સાચા મનુષ્યનું નિર્માણ કરવાનું સામર્થ્ય ભાગવત અને રામાયણ જેવા ગ્રંથોમાં છે.**

યુનિવર્સિટી કે કૉલેજો ડૉક્ટર આપે, ઍન્જિનિયર આપે અને આ સત્સંગ સાચા મનુષ્યો. એટલે હું કથાના મંડપને અમારું ખેતર કહું છું. આ ખેતર છે અને તમને સમૂહમાં બેઠેલા જોઉં ત્યારે મને થાય કે, 'આહા! શું મોલાત લહેરાય છે! છોડ તો જુઓ! ત્રણ ત્રણ ફૂટનું કાઠું કાઢી, રણછોડ છે તેનાં દર્શન થાય અને હસતાં મોઢા જુઓ... જાણે ડૂંડા આવ્યા. દાણા તો જુઓ કેવા આવ્યા! **મકાઈના દાણા જેવા મજાના દાંત દેખાય બધા દાંત કાઢતા હોય ત્યારે! ક્યા ફસલ હૈ!'**

એક સાચો ઈન્સાન જાગે, એક સાચો ઈન્સાન બને, તો બહુ મોટું પ્રદાન આવા સત્સંગ સત્રો દ્વારા થઈ રહ્યું છે. વર્ષા નિષ્ફળ જાય અને દુષ્કાળ આવે. પૂરતો વરસાદ ન થાય ત્યારે સૌ કહે સોળ આની પાકની જગ્યાએ ચાર આની પાક થયો છે. એમ ઘણી વાર પચાસ હજાર લોકો બેઠા હોય એમાંથી પચાસને અસર થાય છે પણ ખરી! વર્ષ મોળું જાય પણ સાવ નથી પાકતું એમ નહીં. પાંચસોમાં પરિવર્તન આવે. **હૃદય બદલાય, વિચાર બદલાય, ભાવના બદલાય, વ્યવહાર બદલાય.**

ભાગવત ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે અને તેથી ભગવાના રૂપમાં ભગવાન સ્વયં આપણી ભીતર ભક્તિને જાગ્રત કરવા માટે થઈને આવ્યા છે. તો આ કોઈ સાધારણ ગ્રંથ નથી. **ભાગવત કોઈ પુસ્તક નથી. કોઈ ગ્રંથ નથી. સાક્ષાત્ વાઙ્મય મૂર્તિ છે. વૈષ્ણવોનું એ પરમ ધન છે.**

વૈષ્ણવોની આ સંપત્તિ છે અને એ ભક્તિથી યુક્ત છે માટે શ્રીમદ્ ભક્તિપ્રધાન ગ્રંથ છે. માટે શ્રીમદ્ અને ભક્તિને પ્રગટ કરનાર એવું આ સાધન 'ભક્તયો વર્ધનમ્' ભક્તિના એ ઓઘને, એ પ્રવાહને પ્રગટ કરે અને ન હોય તો વધારે, ન હોય તો જગાડે અને તોય તો એને વધારે. **એવી આ ભક્તિ જનિકા સંહિતા જીવનને સમજાવનારી અને મરણને સુધારનારી સંહિતા એનું નામ ભાગવત.** ■

## ધર્મ સૃષ્ટિ

**અંકિત દેસાઈ**
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# વિશ્વના પહેલા અને શ્રેષ્ઠતમ મેનેજમેન્ટ ગુરુ

કૃષ્ણનું વ્યક્તિત્વ એવું વિરાટ હતું કે તેમને દાવાપૂર્વક વિશ્વના પહેલા અને અત્યાર સુધીના શ્રેષ્ઠતમ મેનેજમેન્ટ ગુરુ કહી શકાય. જેમનું જીવન તો અનેક મેનેજમેન્ટ સ્કિલ્સ અને ઉદાહરણોથી ભરેલું જ છે, પરંતુ તેમણે ન ભૂતો ન ભવિષ્યતિ કહી શકાય એવી સાતસો શ્લોકોની થિયરી બુક પણ આપી, જેને આપણે ભગવદ્ ગીતા તરીકે ઓળખીએ છીએ અને ગાંધીજીથી લઈ ઓપનહાઈમર જેવી અનેક હસ્તીઓ તેનો અભ્યાસ કરી, તેનું પાલન કરીને પોતપોતાનાં ક્ષેત્રોમાં ઈતિહાસ થઈ ગયા છે. એટલે કૃષ્ણની પાસે એક લેખમાં મેનેજમેન્ટ શીખવું હોય તો કંઈ એ શક્ય ન બને. કૃષ્ણ અને મેનેજમેન્ટ પર તો આખો થિસિસ લખાય, પણ તોય **આપણે કૃષ્ણ પાસે કેટલીક મજાની શીખવા જેવી મેનેજમેન્ટ કે લીડરશિપ સ્કિલ જાણીએ જ.**

> **કૃષ્ણનો ગોલ સ્પષ્ટ હતો કે શિશુપાલને ૯૯ વખત માફ કરવાનો છે અને ૧૦૦મી વખત તેનું માથું જ વાઢી નાખવાનું છે... તો પછી ૯૯ વાર જ્યારે શિશુપાલ અપમાન કરે કે કૃષ્ણવિરોધી કૃત્ય કરે ત્યારે મેન્ટલી ડિસ્ટર્બ શું થવાનું?**



**ધીરજ રાખો, મન શાંત રાખો, જરૂર પડ્યે એક ઘાએ બે કટકા કરી નાખો:** કૃષ્ણ અને શિશુપાલ આમ તો સગાં થાય, પરંતુ શિશુપાલે કૃષ્ણની આખી જિંદગી અવગણના કરી. અવગણના તો ઠીક, શિશુપાલે કૃષ્ણને નીચા પાડવા કે તેમના વિશે ઘસાતું બોલવામાં કોઈ કસર નહોતી રાખી. બીજી તરફ કૃષ્ણે શિશુપાલને કે તેની વૃત્તિઓની ધરાર અવગણના કરી. ગોકુળ, મથુરા અને દ્વારિકા સુધી સમયે સમયે પોતાના જીવન અને ધ્યેયમાં ઉત્ક્રાંતિ આણતા રહ્યા અને વચ્ચે હસ્તિનાપુરની ખટપટો પણ સૉલ્વ કરતા રહેતા. શિશુપાલને તેમણે હણ્યો ત્યાં સુધીમાં તો તેઓની ખ્યાતિ કે કીર્તિ આખા ભારતવર્ષમાં પ્રસરી ચૂકી હતી અને તેઓ આદરપૂર્વક લેવાતું એક બ્રાન્ડનેમ બની ચૂક્યા હતા. તેમણે શિશુપાલ બાબતે કે તેમના અન્ય દુશ્મનો-સ્પર્ધકો બાબતે ધીરજ રાખી. કૃષ્ણનો ગોલ સ્પષ્ટ હતો કે શિશુપાલને ૯૯ વખત માફ કરવાનો છે અને ૧૦૦મી વખત તેનું માથું જ વાઢી નાખવાનું છે. તો પછી ૯૯ વાર જ્યારે શિશુપાલ અપમાન કરે કે કૃષ્ણવિરોધી કૃત્ય કરે ત્યારે મેન્ટલી ડિસ્ટર્બ શું થવાનું? ત્યાં સુધી પોતાના કામમાં રમમાણ રહેવાનું અને પોતાનાથી જે કંઈ શ્રેષ્ઠ થાય એ કરતાં રહેવાનું. પણ શું આપણે આપણી આસપાસના શિશુપાલોને જ્યારે અવગણવાના હોઈએ છીએ ત્યારે અવગણીને આપણા કામમાં ધ્યાન આપી શકીએ છીએ ખરા? રાધર, **આપણે એમનાથી એવા ડિસ્ટર્બ હોઈએ કે ઉચાટ અને ઉતાવળમાં હંમેશાં બીજાં કામો કે સંબંધો બગાડતા હોઈએ છીએ.**

**ક્રાઇસીસ વખતે વિચારો ન કરો, સ્ટેન્ડ લો અને એક્ટ કરો:** કૃષ્ણે તો તેમના જીવનમાં અનેક વાર ક્રાઈસીસ મેનેજમેન્ટ કર્યું છે, પરંતુ મારા મત પ્રમાણે તેમણે કરેલા ક્રાઈસીસ મેનેજમેન્ટનું શ્રેષ્ઠ ઉદાહરણ દ્રૌપદીનું ભરસભામાં ચીરહરણ થતું હતું ત્યારે પોતે દ્રૌપદીની વહારે ઊભા રહેલા એ છે... એ કંઈ નાનીસૂની વાત નથી. જે સભામાં ભીષ્મ, દ્રોણ કે કર્ણ જેવા ધુરંધરો મૌન સાધીને બેઠા હોય ત્યારે સ્થાપિતો શું વિચારશે એની ચિંતા કર્યા વિના તેમણે દ્રૌપદીનું સ્ટેન્ડ પણ લીધું અને તેની મદદ પણ કરી. એક્ચ્યુઅલમાં આ પ્રશ્ન તેમનો હતો જ નહીં, આ તો હસ્તિનાપુરનો ઈન્ટર્નલ પ્રશ્ન હતો, પરંતુ કૃષ્ણ મહાન હતા એટલે જ તેમણે સ્થાપિતો પોતાના વિશે શું વિચારશે કે પોતે વખોડાઈ જશે એવી કોઈ ચિંતા કર્યા વિના કે આ તો હસ્તિનાપુરનો પ્રશ્ન છે એવો સ્વાર્થી વિચાર કર્યા વિના તેઓ દ્રૌપદીની વહારે પહોંચ્યા. આ ગુણ સામાન્ય લીડર્સમાં કે સામાન્ય માણસોમાં નથી. ક્રાઈસીસ વખતે મોટા ભાગના લોકો વિચાર કરવામાં પોતાનો સમય વેડફી નાખતા હોય છે. **ત્યાં એક્ટ કરવાની કે સ્ટેન્ડ લેવાની તો વાત જ ક્યાં આવે?** ■

**પરેશ જે. પુરોહિત**
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# માનવ જીવન અને આધ્યાત્મિકતા



જીવનને શ્રેષ્ઠતા બક્ષવા કાજે માનવ પોતાની મતિ અનુસાર જે તે કાર્યક્ષેત્રમાં પ્રવૃત્ત રહેતો હોય છે. પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉદિત કે જાગ્રત કરવી પડતી હોય છે. આપણા મહાપુરુષો, સિદ્ધ સાધુ-સંતો, ધાર્મિક પુસ્તકો, આધ્યાત્મિક ધર્મગ્રંથ, ઉપનિષદોનો સત્સંગ વગેરે. માનવમાં રહેલી શ્રદ્ધા, ધૈર્ય, આધ્યાત્મિક જ્ઞાનપૂર્તિની સમજ કેળવાય તેમજ જીવનમૂલ્ય, નીતિવિષયક શું હોવું જોઈએ? ધાર્મિક પરંપરા, ઉત્સવો, ધર્મ-ધર્મ પ્રત્યેની એકાત્મક ભાવનાઓ ઉદિત થતી હોય છે. સઘળા ધર્મોનો સાર છે, **માનવ જીવન પ્રત્યેની ભાઈચારાની ભાવના, વિશ્વ બંધુત્વ, વસુદૈવં કુટુંબકમની ભાવનાઓ સારા વિશ્વ કલ્યાણાર્થે પાંગરતી હોય છે.**

આધ્યાત્મિક જ્ઞાન દ્વારા માનવ જીવનમાં સેવા પરાયણ અભાવગ્રસ્ત કે ગરીબ-ગુરબાના દારુણ દુઃખ, મજબૂરીને દૂર કરવાને સમર્થ હોય છે. માનવ જીવન ભક્તિ, ઉપાસના, બંદગી કરવા મળ્યું છે. માનવ જન્મે છે ત્યારે બાલમુકુંદ સમું મુખારવિંદ ભાસે છે. કુમળા છોડને જેમ વાળીએ તેમ તે મા-બાપના સાંનિધ્યમાં બાળપણ પસાર કરે છે. જ્યારે આ બાળક મોટું થાય છે ત્યારે તે કઈ દિશામાં જશે, તેના સંપર્કમાં આવતા **પરિવાર, સગાંવહાલાં, મિત્રતા થકી જીવન ઘડતર થાય છે અને પ્રગતિકારક સોપાનો સર કરે છે.**

**[ ઈશ્વર પ્રાપ્તિ અર્થે આધ્યાત્મિક જ્ઞાનનું ભાથું હોવું જોઈએ. સંયમિત જીવન, સાદગી, નિરાભાની જીવનશૈલી, દેખાવ મિથ્યા ન હોવો જોઈએ. સિદ્ધ પુરુષોનાં જીવન ચરિત્રોમાંથી ગ્રાહ્ય માધ્યમ દ્વારા શ્રેષ્ઠતમ જીવન ધાર્મિક જીવન ઉજાગર થતું હોય છે ]**

માનવમાં રહેલી કોઠાસૂઝ, સુષુપ્ત શક્તિઓ જે તે માનવને પ્રગતિના પંથે લઈ જાય છે. આધ્યાત્મિક સાધના કે સત્સંગ દ્વારા જીવન નિઃસ્પૃહી, નિઃસ્વાર્થ, પ્રેમાળ સૂક્ષ્મ-સહજતાનો ભાવ પ્રગટ થતો હોય છે, જે કલ્યાણકારી કે સુખાકારી સાબિત થાય છે. મહાપુરુષોના આધ્યાત્મિક જ્ઞાનપૂંજમાંથી લાભ લેવો જોઈએ. જીવન નિરાભાની, સાદગીપૂર્ણ જીવન, વિશાળ હૃદય, **ઉદાર ભાવના, ઐશ્વર્ય, દિવ્યશક્તિઓને જે તે ભાવિક ભક્તજન અહેસાસ વ્યક્ત કરે છે.**

ઈશ્વર પ્રાપ્તિ અર્થે આધ્યાત્મિક જ્ઞાનનું ભાથું હોવું જોઈએ. સંયમિત જીવન, સાદગી, નિરાભાની જીવનશૈલી, દેખાવ મિથ્યા ન હોવો જોઈએ. સિદ્ધ પુરુષોનાં જીવન ચરિત્રોમાંથી ગ્રાહ્ય માધ્યમ દ્વારા શ્રેષ્ઠતમ જીવન ધાર્મિક જીવન ઉજાગર થતું હોય છે. **માત્ર વાર્તાલાપ કે દેખાદેખી ન હોવી જોઈએ.**

વર્તમાન સંજોગોને તપાસીએ તો હાલનું માનવજીવન દુઃખદાયી, ચિંતાતુર લોકો જણાઈ આવે છે. માત્ર એક કોરોના વાઈરસથી સરકાર, પ્રજાજનો, તજજ્ઞો, વૈજ્ઞાનિકો, ડૉક્ટર્સમાં હાહાકાર મચી ગયો હતો. શું કરવું? શું ન કરવું? જનતા આ કોરોના વાઈરસથી લાચાર હતી. ધાર્મિક, લૌકિક પ્રસંગો સરળતાથી ઊજવી શકાતા નહોતા. ક્યાંય પણ મહેમાનગતિ કે બહારામ જવાને અસમર્થ હોય એવું જણાઈ આવ્યું હતું. બાળકોના ભણતર, ઘડતર, સામાજિક પ્રસંગોમાં વ્યતિત કરે છે. **વર્તમાન મનુષ્ય લૌકિક સ્વાર્થમાં રચ્યો-પચ્યો રહે છે. આધ્યાત્મિક જ્ઞાનપૂંજને ફોલોઅપ કરી શકતો નથી.** ■

# શિક્ષણ સૃષ્ટિ



**ડો. અશોક પટેલ**
લેખક વિદ્વાન પ્રોફેસર, કેળવણીકાર અને કોલમિસ્ટ છે

# તમારું બાળક તમારી કઈ વાત પર ગૌરવ લે છે?

**દરેક બાળક ઇચ્છે છે કે મારાં મમ્મી-પપ્પા કોઈ સારી બાબતમાં અન્ય કરતાં વિશેષ હોય, જેથી બાળક પોતાના મિત્રોને ગૌરવથી કહી શકે. એનાથી ઊલટું પણ સાચું છે કે પોતાનાં મમ્મી કે પપ્પા તરફથી થયેલા ખરાબ વર્તનને તે સહન કરી શકતું નથી કે કોઈને કહી શકતું નથી**

બાળક જન્મે ત્યારથી મા-બાપને બાળક માટે માત્ર પ્રેમ જ નહીં, ગૌરવ પણ હોય છે. વિકલાંગ બાળકમાં પણ મા-બાપ શક્યતાઓ શોધતાં હોય છે. બાળક ચાલતાં શીખે, શાળાની પ્રવૃત્તિમાં ભાગ લે, લગ્ન કરે, નોકરી-ધંધો કરે ત્યારે સગાં અને પડોશીને સામા પગલે કહીને ગૌરવ લેતાં હોય છે. પોતાનું બાળક અન્ય બાળક કરતાં ઊંચું છે તે સાબિત કરવાના પ્રયત્ન મા-બાપ કરતાં હોય છે. 'જૂનું કપડું પણ તેને પહેરાવો તો સારું લાગે છે' તેમ કહેવામાં તેમને અતિશયોક્તિ નથી લાગતી. મા-બાપ ઈચ્છે છે કે તેમનું બાળક એવું કશુંક કરે, જેથી તેઓ સમાજમાં તેનો પ્રસાર કરીને ગૌરવ લઈ શકે. ત્યારે પ્રશ્ન થાય કે - જેમ મા-બાપ પોતાના બાળક માટે ગૌરવ લેવાનું ઈચ્છે છે તેમ **બાળકો પોતાનાં મા-બાપ માટે ગૌરવ લેવાનું ઈચ્છતા નહીં હોય?**

દરેક બાળક પોતાનાં મા-બાપ માટે ગૌરવ લેવાનું ઈચ્છે છે. બાળક ઈચ્છે છે કે મારાં મા-બાપ અન્ય વાલી કરતાં જુદા પડે, જેથી પોતે સમાજમાં પોતાના મિત્રોને કોલર ઊંચો કરીને કહી શકે કે મારાં મમ્મી-પપ્પાએ આ કર્યું કે તે કરે છે. બાળકને પોતાનાં મા-બાપ માટે અનન્ય પ્રેમ હોય છે, પણ પ્રેમ હોવો અને ગૌરવ હોવું એ જુદી બાબત છે. ત્યારે વાલીએ વિચારવાનું થાય કે તમે જેમ તમારા બાળક પાસે કેટલીક અપેક્ષા રાખો છો તેમ તમારું બાળક પણ કેટલીક અપેક્ષા રાખે છે. ફરક એટલો જ છે કે તમે બાળકને કહી શકો છો, ધમકાવી શકો છો, કડક નિયમ બનાવી શકો છે, અપેક્ષા રાખી શકો છો, ના પાડી શકો છો. જ્યારે બિચારું બાળક ઉપરનામાંથી તમારા માટે કશું જ કરી શકતું નથી. **જો બાળક આવું કરી શકતું હોત તો દરેક વાલી આજે ઘણા આગળ હોત. ઘર પ્રગતિના પંથે હોત.**

દરેક બાળક ઈચ્છે છે કે મારાં મમ્મી-પપ્પા કોઈ સારી બાબતમાં અન્ય કરતાં વિશેષ હોય, જેથી બાળક પોતાના મિત્રોને ગૌરવથી કહી શકે. એનાથી ઊલટું પણ સાચું છે કે પોતાનાં મમ્મી કે પપ્પા તરફથી થયેલા ખરાબ વર્તનને તે સહન કરી શકતું નથી કે કોઈને કહી શકતું નથી. મા-બાપના ખરાબ વર્તનની સમાજમાંથી ટીકા સાંભળવા મળતી હોય ત્યારે બાળક 'બિચારું' બની જાય છે. તે મિત્રો વચ્ચે ઊભા રહેવામાં શરમ અનુભવે છે. તે શાંતિથી ઊંઘી પણ શકતું નથી. બળકે કરેલા ખરાબ વર્તનની તેના વાલી પર જે અસર થાય છે તેના કરતાં **અનેક ગણી અસર વાલીના ખરાબ વર્તનની બાળક પર થાય છે.**

દરેક મા-બાપે એ વિચારવું જોઈએ કે મેં એવું કયું વર્તન કર્યું છે કે જેના માટે મારું બાળક ગૌરવ લઈ શકે છે. એવું કશુંક કરો કે જેથી તમારું બાળક મિત્ર વર્તુળમાં કે સગાંને કહી શકે કે - મારાં મમ્મી-પપ્પાએ આ કર્યું છે... શાળા-કૉલેજમાં જ્યારે સ્ટેજ પરથી કે માઇક પરથી કોઈ વિદ્યાર્થીના વાલીનાં વખાણ થાય ત્યારે તે વિદ્યાર્થી મનોમન એટલું ગૌરવ અનુભવતો હોય છે કે જાણે દુનિયાની તમામ સંપત્તિ તેના પગમાં આવીને પડી હોય... તે વર્ગમાં કે મેદાન પર ગુરુતાના ભાવ સાથે વર્તન કરતો જોવા મળે છે, જે તેના વિકાસ માટે મહત્ત્વનાં થઈ પડે છે. તેનાથી ઊલટું, પોતાના વાલીની ટીકાથી તે મનોમન લઘુતા અનુભવે છે. તેને પોતાના વાલી માટે અસંતોષ ઊભો થાય છે. તે મિત્રો કે સગાં સામે જવાનું ટાળે છે. અંતે તેનો વિકાસ કુંઠિત થાય છે. કોઈ વાલી ખૂબ જ પૈસાદાર હોય તો બાળકને ગૌરવ હોય છે, પણ જો એ પૈસા ખોટા રસ્તે કમાયેલા હશે અને તેની સમાજમાં ટીકા થતી હશે તો બાળક ગૌરવ નહીં અનુભવી શકે. સમાજમાં જેનો ખૂબ જ આદર હોય તેવી કોઈ બાબતમાં વાલીએ વિશિષ્ટ કામ કર્યું હશે તો બાળક તેના માટે ગૌરવ અનુભવશે. બાળક વાલીના પૈસાથી જેટલું ગૌરવ અનુભવે છે તેના કરતાં વિશેષ ગૌરવ વાલીના સામાજિક વર્તનથી અનુભવે છે. **સમાજમાં જ્યારે પોતાના વાલીનાં વખાણ સાંભળવાં મળે ત્યારે બાળક મનોમન હરખાય છે.**

દરેક વાલીની અપેક્ષા હોય છે કે તેનું બાળક એવું કશુંક કરે, જેનાથી પોતે ગૌરવ અનુભવે. સમાજમાં કહી શકે કે આ મારું બાળક છે. એ જ અપેક્ષા બાળકને તેના વાલી પાસે હોય છે. **ફરક એટલો છે કે વાલી બાળકને કહી શકે છે, પણ બાળક વાલીને કહી શકતું નથી.** ■



**નૈષધ દીવાનજી**
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# એવા હતા અમારા શિક્ષકો



**આજે જરૂર છે એવા શિક્ષકોની, જે વિદ્યાર્થીના ઘડતરમાં ધ્યાન આપે અને દિશાસૂચન કરે... આથી પણ વધારે જરૂર છે એવા શિક્ષકો શોધીને એમને નવાજવાની, એમની કથા બધા સુધી પહોંચાડવાની, જે આપણા બધાની ફરજ અને જરૂરિયાત છે**

આજે શિક્ષણનું સ્તર નીચે ઊતરી ગયું છે એ જોઈને અને જાણીને પારાવાર દુ:ખ થાય છે. આજે એક-બે અપવાદ બાદ કરતાં ગુજરાતની એક પણ શાળા કે કૉલેજ ઍન્જિનિયરિંગ કે મેડિકલ ભણતરમાં પહેલાં ૧૦૦માં દેખાતી નથી. **ટ્યુશન ક્લાસીસની બોલબાલા જબરદસ્ત છે.**

બધાં જ સમાચારપત્રો ક્લાસીસની જાહેરખબરોથી ભરેલાં હોય છે અને મા-બાપોમાં કોણ વધુ પૈસા ખર્ચે છે તેની હોડ લાગે છે અને **વધુ ખર્ચનારનું સ્ટેટસ ઊંચું ગણાય છે.**

આનાં મૂળ કારણોમાં શિક્ષણકની ભણતર પ્રત્યેની ઉદાસીનતા અને કમાવાની હોડ જ જવાબદાર છે. મને મારા બાળપણ, કૉલેજ અને પછી **નોકરીના કાર્યકાળ દરમિયાન મળેલા અનુભવો વિશે લખવાનું મન થાય છે.**

મારા પિતાશ્રી રેલવેમાં નોકરી કરતા હોવાથી દર બે કે ત્રણ વર્ષે બદલી થતી. એની જોડે જ સ્થળ અને નિશાળ પણ બદલાતાં. મારું ભણતર કૉલેજ પહેલાં છ જુદાં જુદાં ગામોમાં, જુદા જુદા વાતાવરણમાં થયું તો પણ માના વેલણના મારની બીક અને એ વખતના શિક્ષકોની ભણાવવાની ભાવનાથી ભણી શક્યો અને ભણતર, નોકરી અને ધંધામાં પણ સફળ રહ્યો. એમાંનું એક સ્થળ હતું ખાનદેશનું નંદરબાર, જે સુરત અને જલગાંવની વચ્ચે આવેલું છે. હું ત્યાં લગભગ ત્રણ વર્ષ ભણ્યો અને સાતમા ધોરણમાં (જે તે વખતે ફાઈનલ કહેવાતું હતું) ત્યાં તાલુકામાં પહેલો પણ આવ્યો. નગરપાલિકાની પ્રાઈમરી સ્કૂલમાં દરરોજ બે-ત્રણ માઈલ ચાલીને જવાનું, નીચે બેસીને પાટીમાં ભણવાનું (સ્કૂલમાં બેન્ચ હતી જ નહીં.) મરાઠી મીડિયમની નિશાળમાં ગુજરાતી મીડિયમનો એક વર્ગ હતો. અમારા એક શિક્ષક વ્યાસસાહેબ વ્યારાના હતા. ખૂબ પ્રેમથી ભણાવતા અને જાતજાતના વિષયોના અખતરા કરતા. ચૂંટણીનું મહત્ત્વ સમજાવવા નિશાળમાં ખાસ 'મોક' ચૂંટણી કરાવેલી એ મને હજુ પણ યાદ છે. **એથી ચૂંટણીમાં કેટલા અને કેવા અધિકારી હોય અને એમની શું જવાબદારી હોય એની સમજણ પડી.**

નદી પર ડેમ કેમ બાંધવામાં આવે અને એનાથી શું અસર થાય એ સમજાવવા થોડા વિદ્યાર્થીઓને નંદરબારથી વ્યારા લઈ ગયા હતા. પૈસા તો કોઈ પાસે ખાસ હતા જ નહીં એટલે બસ અને ટ્રેનમાં અમે કાકરાપાર ડેમ જોવા એમની જોડે ગયા. વ્યારામાં એમના ઘેર અમને બધાને - લગભગ ૧૦૧ વિદ્યાર્થીને જમાડ્યા. ડેમ પર લઈ ગયા અને પાછા ઘર સુધી પહોંચાડ્યા. **કોઈ પાસે કોઈ પણ પૈસા લીધા જ નહીં. આવા શિક્ષક આજે ક્યાં દેખાશે?**

છેવટે મુંબઈ આવીને ૧૧મું (એસ. એસ.સી.) પોદાર હાઈસ્કૂલમાંથી પાસ કર્યું. શ્રી રામપ્રસાદ બક્ષીસાહેબની છબી હજુ પણ મનમાં એવી જ છે. દૂધ જેવા સફેદ ડગલામાં, ફેંટા સાથે જબરદસ્ત દેખાતા અને વિદ્યાર્થી એમને દૂરથી જોતાં જ મૂંગા થઈને ક્લાસમાં ઘૂસી જતા. એલ્ફિન્સ્ટ કૉલેજમાં **બેનરજીસાહેબનો એવો જ દેખાવ, ઠીંગણા હોવા છતાં કૉલેજમાં નીકળે ત્યારે કોઈ બહાર ટહેલતા દેખાતા જ નહીં.**

આપણે આજે જરૂર છે આવા શિક્ષકોની, જે વિદ્યાર્થીના ઘડતરમાં ધ્યાન આપે અને દિશાસૂચન કરે. આથી પણ વધારે જરૂર છે એવા શિક્ષકો શોધીને એમને નવાજવાની, એમની કથા બધા સુધી પહોંચાડવાની, જે આપણા બધાની ફરજ અને જરૂરિયાત છે. **ચાલો, આજથી જ શરૂઆત કરીએ - દેશ બદલાશે.** ■

**નટવર આહલપરા**
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# મારા દેશના નામે પત્ર



પરમ વંદનીય મારા ખૂબ જ વહાલા ભારત દેશ,

આપને કોટ કોટિ વંદના છે. હું ખૂબ જ નસીબદાર છું કે મને તારા ખોળે અવતરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. **તારું ઋણ તો હું કોઈ કાળે ચૂકવી નહીં શકું.**

મારી કલ્પનાનું ભારત એટલે સહનશીલતા, પરિપક્વતા, માનની ભદ્રતા, કોઈનું પડાવી લેવાની વૃત્તિ વગરનો પ્રશાંત આત્મભાવ, સમજણથી છલોછલ એવા હૃદયની શાંતિ અને બધા જ જીવો પ્રત્યેની એકતા અને કરુણાથી લથબથ એવો પ્રેમ - આ બધી જ બાબતો ભારત ભવિષ્યમાં સમગ્ર વિશ્વને શીખવશે. **આ મહાન શબ્દો છે વિલ દૂરાંના.**

ભારતીય સંસ્કૃતિ મહાન છે. મારા ગૌરવવંતા દેશ માટે જર્મનીના નેસ્ટ્રાડોમસે સો વર્ષ પહેલાં કહ્યું હતું કે **એકવીસમી સદીમાં ભારત દેશ વિશ્વમાં મહાસત્તા બનશે.**

જે ધરતી પર રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધી, શાસ્ત્રી, સરદાર, વિવેકાનંદ અને કેટલીય વિભૂતિઓ અવતરી તે દેશ માટે કલ્પના કરવી એ પણ ગર્વની વાત છે. વિશ્વમાં માત્ર ભારત જ ત્રણ ઋતુ ધરાવે છે. હે મા, તારા ખોળે હેમંતની સાંજ મનભરીને માણીએ છીએ. વસંતના વૈભવની વાત જ શું કહેવી? ગ્રીષ્મની પણ અનોખી પ્રકૃતિ છે તો વર્ષારાણી તો વર્ષારાણી જ છે. **માતા તારાં ગુણગાન ગાઉં તેટલાં ઓછાં છે.**

પહેલાં તો હું અને મારાં ભારતીય ભાઈ-બહેનો દેશ પ્રત્યે વધુ નિષ્ઠા જગાવવા પ્રયત્ન કરીશું. મને મારા દેશ પ્રત્યે માન છે. ભ્રષ્ટાચાર, અત્યાચાર, મોંઘવારી, દહેજ, દાણચોરી, સંગ્રહખોરી જેવા અજગરોને મૃત્યુને ઘાટ ઉતારી સ્વસ્થ, સ્વચ્છ અને રામરાજ્ય સમું ભારત જોઈએ. **એ સાથે મળીને જ થાય અને એ થશે.**

સહૃદય વર્તનથી પરિણામ સારું આવે છે. ઘોડા-ઘોડીને આંખે ડાબલા બાંધવામાં આવે છે, કારણ તેની નજર સીધી રહે. આપણે પણ આપણી નજર સીધી જ રાખવાની છે. આજુબાજુ જોવાનું નથી. નૈતિકતાના માર્ગો પર ચાલતાં ઘણા અંતરાયો આવશે જ, પણ સ્વસ્થતાથી લક્ષ્ય તરફ આગળ વધવું જોઈએ. **વરસાદ ન થાય તો ખેડૂત ખેડવાનું કામ અટકાવી દેતો નથી પણ પ્રયત્ન ચાલુ જ રાખે છે.**

વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત અને ધર્મગ્રંથોમાં કરાયેલી કલ્પનાઓ જેવી કે- ભારતની દરેક સ્ત્રીઓમાં સીતા માતાનું સ્વરૂપ હશે અને સર્વત્ર રામ હશે. રાવણનું દહન થશે, **સમગ્ર ભારતમાં ઘી-દૂધની નદીઓ વહેશે.**

મારા પત્રમાં મને ઉન્નત મસ્તકે લખવાનું ગમે છે. ભારત મારો દેશ છે. બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે. હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ. હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ. **હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા આપું છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.**

પ્રમુખ કેનેડીએ કહેલું : તમારો દેશ તમારા માટે શું કરી શકે છે તેમ ન પૂછો. તમે તમારા દેશ માટે શું કરી શકો છો એમ (જાતને) પૂછો. **હે મારા ભારત દેશ, તને પુનઃ વંદન.**

લિ.

તારો હોનહાર સુપુત્ર

**સ્વામી આનંદ**
લેખક જાણીતા કોલમિસ્ટ છે.



# જેને પેદા કરતાં આવડે એને જ ખરચતાં આવડે છે

> આપણે ત્યાં હજી એવી વ્યક્તિઓ જોવા મળશે કે જાગતાંની સાથે પોતાના હાથનું દર્શન કરશે. મને આ બહુ મહત્ત્વનું લાગે છે. આપણો હાથ આપણા જ હાથમાં રહેવો જોઈએ. કરદર્શનની ભાવના ખૂબ જ સાંકેતિક છે.

શિવધનુષ્ય જેવું સ્વામી આનંદનું ગદ્ય. એનું અનુકરણ કે ચેનચાળા ન થઈ શકે. ગાંધીજીની ખૂબ જ નજીક રહ્યા. ગાંધીજીએ આત્મકથા લખી તે સ્વામીના સૂચનથી. હાડોહાડ આખાબોલા. એમણે એક પ્રસંગ ટાંક્યો છે તે આપણે માટે ઉંબરા પરના દીવાની ગરજ સારે એવો છે. ઉંબરા પરનો દીવો બે બાજુ પ્રકાશ ફેંકે. આ પ્રસંગમાં સ્વામીની શૈલીનો તો આછો પરિચય થાય, પણ આપણે જેના વિશે વાત કરવી છે એ વાતને પણ ઉપકારક થાય. જીવનના મરમી સ્વામીના શબ્દોઃ ‘મારાં માશી કોઈક કુટુંબની વાત કરતાં. છોકરીને ગામડે પરણાવેલી. ઘેર ખેતીવાડી. સવારથી મોડી રાત લગી કામ પહોંચે. દીકરીને વળાવતી વખતે માએ એને શિખામણ આપીઃ બહેન, તને કમ્મરપૂર કામ ને છાતીપૂર રોટલા જોઈને આપી છે. કામથી નો થાકતી. રોજ સવારે દાતણની ચીરી ફેંકી મોં ધોઈ સૂરજનારાયણની વંદના કરીને બેઉ હાથની હથેળી જોવી કે કાલના કામથી કેટલી ઘસાઈ. **જ્યાં સુધી તે ઘસાયેલી માલમ ન પડે ત્યાં સુધી હિંમત હારવી જોઈએ નહીં.’**

મને આળસુ અને એદી માણસો ગમતા નથી. એ હંમેશાં પરાવલંબી લાગે છે. ઉમાશંકર આવી મતલબનું કહેતાઃ રાતે રોટલો ખાવા બેસીએ ત્યારે વિચારવું જોઈએ કે **આજે આપણે કંઈક કર્યું ખરું કે જેથી મોંમાં કોળિયો મૂકવાનો આપણો અધિકાર છે?**

જેમ કેવળ પ્રવૃત્તિની આરતી ન ઉતારાય તેમ કેવળ નિવૃત્તિનાં પણ ગુણગાન ન ગવાય. પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ એ આદર્શ છે. કામ પછીના આરામનો જે આનંદ છે એ કેવળ આરામનો કદીય નથીઃ આરામને ઐયાશીમાં સરતાં સહેજ પણ વાર લાગતી નથી. **પ્રવૃત્તિ અને નિવૃત્તિની વચ્ચે દૂરની અને નજીકની જાણે કે જુગલબંધી હોય તો જ સંવાદિતા જળવાય. ખરચવા માટે પણ પહેલાં રળવું તો જોઈએ.**


કામ કરવું એટલે દોડધામ, ધાંધલધમાલ નહીં. વેઠ કે વૈતરું નહીં. કોઈક ને કોઈક આયોજના વિચરવી. પછી એ આયોજનાને વાગોળ્યા જ ન કરવી પણ એને આચરવી. વચ્ચે આવતાં વિઘ્નોને દૂર કરવાં. બુદ્ધિથી વિચારવાનું છે અને શરીરથી પાર પાડવાનું છે. કામ કરતાં પણ આવડવું જોઈએ અને કામ કરાવતા અને કઢાવતા પણ... **કામચોર માણસ હંમેશાં કામ ટાળતો હોય છે. એને સભાન કરીને વાળવાનો પણ હોય છે.**

આપણે ત્યાં હજી એવી વ્યક્તિઓ જોવા મળશે કે જાગતાંની સાથે પોતાના હાથનું દર્શન કરશે. મને આ બહુ મહત્ત્વનું લાગે છે. આપણો હાથ આપણા જ હાથમાં રહેવો જોઈએ. **કરદર્શનની ભાવના ખૂબ જ સાંકેતિક છે.**

સાંભળેલો એક પ્રસંગ યાદ આવે છે. સોપાન અને જ્યોતીન્દ્ર દવે એક સમારંભમાં સાથે હતા. કોઈકે સોપાનના હસ્તાક્ષર માગ્યા અને કહ્યું કે કશુંક પ્રેરણાદાયી લખી આપો. સોપાને લખ્યું કે પ્રારબ્ધની છાતી પર પુરુષાર્થ છે. પછી જ્યોતીન્દ્રના હસ્તાક્ષર માગ્યા. **જ્યોતીન્દ્ર દવેએ એના અનુસંધાનમાં લખી આપ્યું કે તો પછી એ (પુરુષાર્થ) ધાવણા બાળક જેવો લાગશે.** ■

તરલા દેસાઈ
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# અક્ષરથી અ-ક્ષર સુધી પ્રેરનાર પરમ પૂજ્ય પિતાશ્રી



**પોતપોતાની પસંદગીનાં પાત્રો સાથે લગ્ન કરવાની સૌ સંતાનોને છૂટ. એમણે અમને કહેલું, 'લગ્ન એ તમારી અંગત ઇચ્છાનો પ્રશ્ન છે. છતાં ક્યારેક પણ વિચાર બદલાય તો અહીં પાછા આવવા તમારા માટે દરવાજા ખુલ્લા છે.'**

એક કન્નડ કવિએ કહ્યું છેઃ **સંતાન જન્મે એ નાનીસૂની વાત નથી, પણ મા-બાપ જન્મે એ જ મોટી વાત છે.**

સંપૂર્ણ નિરાડંબર, કડક શિસ્ત, અપૂર્વ સંયમ, નિતાન્ત પ્રામાણિકતા અને અનન્ય નિષ્ઠાનાં પાંચ તત્ત્વોમાંથી જ ઈશ્વરે જેમનું નિર્માણ કર્યું હોય એવા અમારા મોટા ભાઈ (પિતાશ્રી) આજે ક્ષરદેહે નથી છતાં 'અક્ષરથી અ-ક્ષરતત્ત્વ તરફ એમનાં સર્વ સંતાનોને પ્રેરનાર **એક ગરવા આદર્શ પિતા તરીકે અમારા હૃદયમાં સદૈવ પ્રતિષ્ઠિત છે - રહેશે.**

મોટા ભાઈનું એકમાત્ર લક્ષ્ય એમનાં સર્વ સંતાનોને સારામાં સારી કેળવણી આપવાનું હોવાથી પાંત્રીસ વર્ષની વયે માતુશ્રીને સંધિવા થઈ જતાં આર્થિક સંકડામણ વચ્ચે પણ રસોઈયા-નોકરની સગવડ કરી એમણે બાળકોને અભ્યાસરત રાખ્યાં. ઘરમાં સંપૂર્ણ મુક્તિ અને છલોછલ વિશ્વાસનું વાતાવરણ. પોતપોતાની પસંદગીનાં પાત્રો સાથે લગ્ન કરવાની સૌ સંતાનોને છૂટ. એમણે અમને કહેલું, **'લગ્ન એ તમારી અંગત ઇચ્છાનો પ્રશ્ન છે. છતાં ક્યારેક પણ વિચાર બદલાય તો અહીં પાછા આવવા તમારા માટે દરવાજા ખુલ્લા છે.'**

તેમણે સામાજિક વ્યવહારોમાં ગૂંથાયેલા રહેવાને બદલે સર્વ પ્રત્યે પ્રેમભાવ રાખી, અલિપ્ત રહેવાની સમજ વિકસાવી. કોઈ ધર્મ, સંપ્રદાય કે વિધિવિધાનમાં નહીં, પણ **વાણી-વર્તન-વ્યવહારમાં ફલિત સત્યની તેમણે આજીવન ઉપાસના કરી અને અમને શીખવાડી.**

ઘરમાં વૈભવી રાચરચીલાને નહીં, પણ સ્વચ્છતા-સુઘડતા-શાંતિને જ અગ્રતા આપી. ઘરની કોઈ બાબતમાં મોટા ભાઈ દખલગીરી કરતા નહીં એટલું જ નહીં, સવારની દાળમાં મીઠું નાખવાનું રહી ગયું હોય તો સાંજે જમતી વેળા કહેતા, 'આજે સવારો મોળી દાળ બહુ સરસ હતી.' શર્ટનો કૉલર ફાટી હોય કે પહેરણની બાંય ઊકલી ગઈ હોય તો માતુશ્રીનું ધ્યાન જાય ત્યારે જ એનો ઉપાય થાય. એ કહેતા, 'કપડાં એ મારી ઓળખાણ નથી.' **મૅજિસ્ટ્રેટ હોવા છતાં એમને સાઈકલ પર કોર્ટમાં જતા પણ અમે જોયા છે.**

મોટાભાઈ કાયમ એક જ વાર ભોજન લેતા. જે પીરસાય એ જમી લેતા. કદી કોઈ વસ્તુ માટે એમણે ઇચ્છા વ્યક્ત નથી કરી. સાંજે ફળ અને દૂધ લેતા. ઘરના કંપાઉન્ડમાં જ આંટા મારતા. સવારનાં નિયમિત નિત્ય પૂજાપાઠ તો ખરાં જ. રોજ રાત્રે ગીતા અને જપ-જાપ કરતા. આયુષ્યનાં છેલ્લાં દસ વર્ષ બંગલામાં એકલા જ રહેતા. સંતાનોને કહેતા, **'મારે જરૂર પડશે ત્યારે તમને બોલાવી લઈશ. પ્રભુ સદા સંભાળ રાખે જ છે.' એમ કહી જીવનભર નિરપેક્ષતાનું જતન કર્યું.**

મોટા ભાઈને એકમાત્ર શોખ હતો 'ક્લબ'માં રમી-બ્રિજ રમવાનો. નિવૃત્ત મિત્રોનું એમનું એક ગ્રૂપ હતું. તેમાં એમની છાપ 'ઝિન્દાદિલ' તરીકેની હતી. **એમણે કેટલાય ઉદાસ-વિષાદમય મિત્રોના જીવનમાં આશા-ઉત્સાહ પ્રેર્યાં હતાં.**

એમના દેહવિલય થયાની આગલી રાત્રે હૉસ્પિટલમાં કહ્યું હતું, 'મને તો બધે જ પ્રભુ દેખાય છે. આ ઑક્સિજનના સિલિન્ડરમાં, ડૉક્ટરમાં, નર્સમાં, નોકરમાં, આ ઓરડામાં, બારી બહાર, તમારામાં, મારી ભીતર બધે એ જ તો બિરાજે છે. તમે બધાં બાળકો પ્રભુને માર્ગે - સત્યને માર્ગે છો એનો મને પૂરો સંતોષ છે. તમે સંતોચીંધ્યા માર્ગે છો એટલે મને નિરાંત છે. **હું કદાચ કોઈ પળે લાગણીવશ-નિર્બળ બન્યો હોઈશ પણ તમારું આત્મબળ કદી ઓછું ન થાઓ એવી પ્રભુપ્રાર્થના છે.'**

જીવનભર મૌન દ્વારા અને અંતિમ ક્ષણે સ્પષ્ટ શબ્દો દ્વારા આવી સમજણદીક્ષા આપનાર પિતાશ્રીને આ શ્લોક ધરું છુંઃ

पिता स्वर्ग, पिता धर्म, पिता हि परमं तपः
पितरी प्रीतिमायन्ने प्रीयन्ते सर्व देवताः ॥ ■

મણિલાલ હ. પટેલ
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# 'જે પોષતું તે મારતું: એવો દીસે ક્રમ કુદરતી!' - કલાપી



કેટલાક સર્જકો એમના ઉપનામથી જ ઓળખાતા હોય છે. એમનું મૂળ નામ શું - એવું પરીક્ષામાં આજ સુધી પુછાય છે. કલાપી, ધૂમકેતુ, સુન્દરમ્, મરીઝ - આ શ્રેણીનાં ઉપનામ છે. 'કલાપી' એટલે સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ. રાજવી કવિ. રાજપાટ કરતાં કવિતાને અગ્રતા આપનાર કલાપીએ કહેલું કે, 'બની શકે તો જીવીશ એકલાં પુસ્તકોથી હું!' પરંતુ વિધિ કઠોર નીવડી. ૨૬ વર્ષ અને પાંચ માસ માંડ જીવ્યા... ને આટલાં વર્ષોમાંય એમણે કવિતાની ઉપાસના કરી તથા પ્રેમમાં ગળાડૂબ રહ્યા. એમની કવિતાએ ઘણાં વર્ષો સુધી યુવા હૈયાં ઉપર પ્રેમપૂર્વક રાજ કર્યું હતું. પ્રેમની અનેકવિધ ઊર્મિઓનું આલેખન એમને લોકપ્રિય કવિ બનાવનારું પ્રમુખ પરિબળ હતું. **ત્યારે પ્રેમપત્રોમાં કલાપીની કાવ્યપંક્તિઓ ટંકાતી.**

કલાપી (૧૮૭૪થી ૧૯૦૦)નું જીવનકવન ગુજરાતી સાહિત્યના પંડિતયુગ દરમિયાન આકાર લે છે ને અસ્ત પામે છે. કલાપી ૧૮૮૨થી ૧૮૯૦ દરમિયાન રાજકોટની રાજકુમારો માટેની સંસ્થામાં ભણ્યા હતા. ૧૮૮૯-૯૦માં તો નવપરિણીત રાજવી બંને રાણીઓના રસાલા સાથે રહીને ભણતા હતા. પછી એ બધું છોડીને રાજ સંભાળવા - જેનો વહીવટ

**[ રમાબા સાથે આવેલી દાસી મોંઘીનું રૂપ ઊઘડતાં કલાપી એને ગુજરાતી શીખવે છે... ને એમ પ્રેયસી, છેવટે એને એના પતિના ત્રાસમાંથી છોડાવીને હૃદયરાજ્ઞી બનાવે છે ]**

સગીર કુંવર હોવાથી - કંપની સરકાર પાસે હતો તે માટે કલાપી લાઠી પરત ફરે છે. ૧૮૯૧થી ૧૯૦૦, આ એક દાયકો અનેક સંઘર્ષો દરરોજ કલાપીની કસોટી કરે છે, પરંતુ **કલાપી કવિતાને અને (૧૮૮૫ પછી) દાસી મોંઘીમાંથી શોભના બનાવેલી પ્રેયસીને છોડતા નથી. એ માટે જીવતર ફના કરી દે છે.**

પંડિત યુગના સાક્ષર-સર્જકો સાથે કલાપીને મૈત્રી થાય છે. ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, કાન્ત, બ. ક. ઠાકોર, બાળાશંકર, નરસિંહરાવ ઇત્યાદિ પાસેથી કલાપી સતત કવિતા વિશે જાણતા રહે છે ને કાન્તની કવિતાને માપદંડ બનાવી પોતાની કવિતાની ઊણપોને પ્રમાણતા રહે છે. કલાપી રાજવહીવટથી દૂર સરતા જાય છે ને કવિતામાં જીવ પરોવે છે. આમેય એમનાથી આઠ વર્ષ મોટાં રાણી રમાબા જ રાજપાટ ચલાવે છે. રમાબાને રાજખટપટો ગમતી. પટરાણી થવાનો એમને ભારે અભરખો હતો. રમાબા સાથે આવેલી દાસી મોંઘીનું રૂપ ઊઘડતાં કલાપી એને ગુજરાતી શીખવે છે... ને એમ પ્રેયસી, છેવટે એને એના પતિના ત્રાસમાંથી છોડાવીને હૃદયરાજ્ઞી બનાવે છે. રમાબા જાણે આનું વેર લેતાં હોય એમ વર્તે છે. પટરાણી બનેલાં આનંદી બા કલાપીનો પડ્યો બોલ ઝીલતાં. **કલાપીની કવિતા 'હૃદય ત્રિપુટી'માં આ બધા સંઘર્ષો બોલકા બનીને પ્રગટે છે.**

લાઠી દસ-પંદર ગામોનું નાનકડું હરિયાળું રાજ્ય હતું. પડખે નદીને પાદરે મોટું તળાવ. શેરડી પાકતી. 'ગ્રામમાતા' કાવ્યમાં પોતાના અનુભવનું સારું કાવ્ય રૂપાંતર છે. ૧૮૮૬માં કલાપીનાં માતા રમાબાનું અને ૧૮૮૮માં પિતાજીનું મૃત્યુ ઝેરથી થયેલું. મોટા ભાઈ ભાવસિંહ નાની વયે ઘોડા પરથી પડી જતાં મૃત્યુ પામેલા. **આવા વિષમ રજવાડામાં કલાપી, કવિ દરબાર ભરતા અને બોજ હલકો કરતા.**

રાજા પ્રથમ વાર ગાદીએ બેસે એ પહેલાં એ ભારતનો થોડો પ્રવાસ કરે તો પરિપક્વતા વધે. કંપની સરકારના આ નિયમ પ્રમાણે કલાપી (૧૮૯૧-૯૨) 'કાશ્મીરનો પ્રવાસ' કરે છે ને ગ્રંથ લખે છે. કલાપીને પ્રેમ અને પ્રકૃતિનું પારાવાર ખેંચાણ હતું. એ બધાં સાથે વનમાં જવા ચાહતા હતા. રમાબા અસંમત ને આક્રમક બનેલાં. એક સાંજે રમાબાએ શોભના પાસે બેઠેલા કલાપીને બોલાવ્યા ને પોતાના હાથે સીમલવાળા પેંડા ખવડાવ્યા - **એ જ રાતે કલાપીનું અવસાન થયેલું... આ રહસ્યમય મોત કલાપીના ચાહકોને આજે પણ અજંપ કરી દે છે.** ■



**રજની પટેલ**
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# વસમી વિદાય



સવારના ઢબૂકતા ઢોલ અને શરણાઈના સૂર સાંજ પડતાં જ તેના નાદમાં ધીરે ધીરે ફેરફાર કરે છે. શરણાઈના સૂરનો રેલાતો આનંદ સાંજ પડતાં જ કરુણ રસમાં ફેરવાઈ જતો હોય તેવું લાગે છે. સવારનો આનંદ એનો માર્ગ બદલીને વેદના તરફ ફંટાય છે. વિદાય વસમી જ હોય છે. હૈયાથી હૈયાને અલગ થવું સહેલું નથી. શકુંતલાની વિદાય હોય કે પછી એક વહાલસોયી દીકરીને દિલના દ્વારેથી દૂર મૂકવાની વાત હોય. કંકુવરણા થાપા કમાડ પર કે બારસાખની પાસેની દીવાલ પર લગાવીને, સમજણનું શાણપણ સાથે લઈને જ્યારે દીકરી પિતાનું ઘર, આંગણું અને ઓસરી છોડે તે ક્ષણ વેદનાસભર હોય છે. દીકરી એનું સ્વરૂપ બદલે છે. **હાલની દીકરી, ભત્રીજી, ભાણેજી કે કુટુંબની લાડકડી હવે 'વહુ'ના શણગારથી સજ્જ બનતી હોય એવું લાગે છે.**

> **ચોરીમાં ભરાતાં ચાર પગલાં દીકરીને ગામની મમતામાંથી માર્ગ બતાવે છે, વિદાય વખતે માતાની આંખમાંથી ટપકતાં આંસુ, પિતાની આંખની આરપાર સચવાયેલાં આંસુ, નાના કે મોટા ભાઈ કે બહેનની આંખનાં આંસુ વિભિન્ન ભાવજગત સર્જે છે**

આનંદ અને વિરાહની અભિવ્યક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે વિદાય. પાત્રની પાત્રતા બદલાય છે. દીકરીનું સ્વરૂપ બદલાય છે. જેમ ઢોલનો સૂર બદલાય છે તેવી જ રીતે પાત્રની પાત્રતા બદલાય છે. શરણાઈ પણ દીકરી અને વહુ વચ્ચેના તફાવતને સમજાવવાનો પ્રયત્ન કરે છે. સવારે કહેવાતી લાડલી હવે વહુનું બિરુદ મેળવે છે. ગઈ કાલની ઝરણા જેવી કલકલ વહેતી દીકરી દૃઢતાનો ગુણ કેળવે છે. સમગ્ર જગતમાંથી શોધાયેલા પાત્રને સર્વશ્રેષ્ઠ ગણી એનું સમગ્ર જીવન એને સમર્પિત કરવા ત્યાગ અને બલિદાનની ભાવના પ્રગટ કરે છે. **મારાપણાના મમત્વનો ત્યાગ કરીને મમતાના મમત્વ તરફ પ્રયાણ કરે છે.**

લાડકી દીકરી જીવનનો પથ કાપવા પ્રતિ પ્રયાણ કરે છે. ચોરીમાં ભરાતાં ચાર પગલાં દીકરીને ગામની મમતામાંથી માર્ગ બતાવે છે. વિદાય વખતે માતાની આંખમાંથી ટપકતાં આંસુ, પિતાની આંખની આરપાર સચવાયેલાં આંસુ, નાના કે મોટા ભાઈ કે બહેનની આંખનાં આંસુ વિભિન્ન ભાવજગત સર્જે છે. દરેક પ્રકારનાં આંસુ અંતે તો આંસુ જ છે. એમાં દસ ટકા પાણી અને નેવું ટકા લાગણીઓ ઓગળેલી હોય છે. દરેક આંસુની પોતાની અલગ ભાષા

**જનનીની આંખનાં આંસુ દીકરીને પતિગૃહે જઈને સંસ્કારનું ઉપવન ઊભું કરવાનો મીઠો સંદેશ આપે છે. દીકરીના ગાલ પર કે પાલવ પર પડતાં પિતાની આંખનાં આંસુ કર્તવ્યનિષ્ઠા, ત્યાગ, બલિદાન, ફરજનિષ્ઠા અને કરુણાસભર મક્કમતાના પાઠ ભણાવતા હોય તેવું નથી લાગતું?**

અને ઓળખાણ હોય છે. વિદાય વખતે માતાની આંખમાંથી નીકળતી અશ્રુધાર એની દીકરીને મમત્વ, વાત્સલ્ય, પ્રેમ, હૂંફ અને સંસ્કારની ભાષા શીખવે છે. માતાનાં આંસુ અહીં પ્રેરણાની પરબ બને છે. જનનીની આંખનાં આંસુ દીકરીને પતિગૃહે જઈને સંસ્કારનું ઉપવન ઊભું કરવાનો મીઠો સંદેશ આપે છે. દીકરીના ગાલ પર કે પાલવ પર પડતાં પિતાની આંખનાં આંસુ કર્તવ્યનિષ્ઠા, ત્યાગ, બલિદાન, ફરજનિષ્ઠા અને કરુણાસભર મક્કમતાના પાઠ ભણાવતા હોય તેવું નથી લાગતું? નાની લાડકી બહેન કે ભાઈનાં આંસુ લાડકોડ અને લાગણીની પ્રતીતિ કરાવે છે. નાની નાની આંખોમાંથી નીકળેલાં આંસુ બહેનને એ સમજાવે છે કે **તારા પોતાના કુટુંબનાં નાનાં નાનાં બાળકોને એટલાં લાડકોડ અને વહાલ કરજે જેથી અમારાં આંસુ સાર્થક થાય. એ સાથે તારો જીવનબાગ મહેકતો ઉપવન બની રહે.**

વિદાય એટલે પોતાનાઓને મૂકીને જવાનું અને સામેનાઓને સહજતાથી સ્વીકારવાનું સ્વરૂપ. મારી ગલી, મારી શેરી, મારું ઘર, મારું આંગણું, મારી સહિયર, મારાં માતાપિતા એક જ ક્ષણમાં ત્યાગવાની વાત છે. **ત્યાગ અને બલિદાનની ભાવના ઉત્કૃષ્ટ થાય છે અને સામેના પક્ષને સ્વીકારવાની ભાવના સહજતાથી કેળવાય છે.**

દાદા-દાદીના વહાલ, ભાઈ-બહેનની લાગણીઓ અને માતાપિતાનું મનગમતું વાત્સલ્ય અચાનક એણે છોડવાનું હોય છે. એણે નવી ધરતી અને નવા આકાશનો સ્વીકાર કરવાનો હોય છે. આજ સુધી એના કાને પડેલાં દીકરી કે બેટી જેવા શબ્દો ભુલાતા જશે. **ગઈ કાલની બહેન, નણંદ, દીકરી, ભત્રીજી, પૌત્રી, દોહિત્રી કે ભાણેજી હવે પછી નવા સંબંધોના વડવૃક્ષની હકદાર બનશે.**

નવાં કર્તવ્ય, નવી જવાબદારીઓ, નવી સમસ્યાઓ, નવો આનંદ, નવી સંકલ્પનાઓનો દોર શરૂ થશે. **નવું પદ અને નવો હોદ્દો મળશે. નવા અનુકૂલનની વણઝાર ખડી થતી જણાશે.** ■

## ઢબૂકતો ઢોલ, શરણાઈના સૂર, માતાના મમત્વ અને પિતાનાં આંસુની સાક્ષીએ અમે એકરાર કરીએ છીએ કે...



- વિદાય પછી અમે બંને અમારા ઘરે પહોંચીશું ત્યારે અમારા કુટુંબનાં રસ, રુચિ, વલણ, વ્યવહાર અને સંસ્કારનું સભાનતાપૂર્વક જતન કરીશું.
- પિતાના ઘરના મોટાપણાની વાતો અરસપરસ ક્યારેય નહીં કરીએ. અમારે તો મોટો બંગલો, મોટી ગાડી, અમારે ત્યાં જમવાનું સરસ બને, અમારે મોટી જમીન, જાયદાદ વગેરે વાતોને વિદાય વખતે જ વિદાય આપી એકમેકમાં ઓગળી જઈશું.
- શ્વસુરગૃહે પહોંચ્યા પછી દીકરી પ્રતિજ્ઞા કરે છે કે હું મારાં માતાપિતાના કુટુંબના સભ્યો સાથે મર્યાદિત સમયના અંતરે જ ફોન દ્વારા, પત્ર દ્વારા સમાચાર મેળવવાનો પ્રયત્ન કરીશ. વારંવાર આખો દિવસ ફોન પર ચર્ચા-ચાડીનો વ્યવહાર નહીં કરું.
- અમારા ઘરની અંગત વાતોને અથવા પતિની, સાસુ-સસરાની કે કુટુંબની મર્યાદાઓને અમારા ઘરની ચાર દીવાલોમાં જ સીમિત રાખીશું. એને જાહેરમાં કે પિતૃપક્ષે ક્યારેય ખુલ્લી કરીશું નહીં.
- અમારા અંગત જીવનની વાતો અમારી બહેનપણીઓ, મિત્રવર્તુળ કે ક્લબોમાં કોઈને જણાવીશું નહીં અને કોઈની પણ કાન-ભંભેરણીથી સદાય જાગૃત રહીશું.
- બિનજરૂરી કે ફાલતુ અને લગ્નના પૂર્વેત્તરના સંબંધ ધરાવતી વ્યક્તિને અમારા ઘરનો ફોન નંબર, મોબાઇલ નંબર કે સરનામાની આપ-લે ક્યારેય નહીં કરીએ. લગ્ન પૂર્વેના સંબંધોને દફનાવીને એકબીજાંના વિશ્વાસમાં ક્યારેય તિરાડ પડવા નહીં દઈએ.
- અમે બંને જણ કુટુંબની આમન્યા, માન-મર્યાદા અને સંસ્કારો જળવાય એવી વાણી, વર્તન, વ્યવહાર અને કપડાંની પસંદગી તથા રહેણીકરણીનો સ્વીકાર કરીશું.

નટવર પટેલ
(લેખક જાણીતા કોલમિસ્ટ છે)

# નારીનાં વિવિધ સ્વરૂપો

માનવસમાજમાં સ્ત્રીનું સ્થાન અનેરું છે. આપણા પ્રાચીન ગ્રંથોમાં સ્ત્રીને 'નારી તું નારાયણી' કહીને બિરદાવી છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે કે, 'જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે.' સ્ત્રીને શક્તિનો અવતાર માનવામાં આવે છે. ભગવાને સ્ત્રીને ત્યાગ અને સહનશક્તિ પુરુષો કરતાં વધારે આપી છે. સ્ત્રી જ્યારે પોતાની સામાજિક અને માનસિક સીમાઓનાં બંધનો તોડીને પોતાના પ્રચંડ તેજના પ્રભાવે ઊભી થાય છે ત્યારે એની શક્તિ, એના તેજની સામે આ જગત ઝાંખું પડી જાય છે. સમાજનાં સુખ, શાંતિ અને સર્જકતા સ્ત્રીના હાથમાં છે. **સ્ત્રી ઘરની લક્ષ્મી, કુળની શાન અને પરિવારનો પ્રાણ છે. સ્ત્રી એટલે જ પ્રેમની પ્રતિમા!**

**સ્ત્રીનાં ત્રણ સ્વરૂપોઃ** સ્ત્રીનાં ત્રણ સ્વરૂપો મહત્ત્વનાં છેઃ ૧. દીકરી, ૨. પત્ની, ૩. માતા. આ ઉપરાંત સ્ત્રી બહેન, ભાભી, દાદી વગેરે સ્વરૂપે પણ પ્રચલિત છે. દીકરી રૂપે તે મા-બાપના પરિવારને, પત્ની રૂપે તે પતિના પરિવારને અને **માતા સ્વરૂપે તે પોતાના ઘરસંસારને પ્રેમની પવિત્ર ધારાથી પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે.** આમ, ટૂંકમાં કહીએ તો –

**દીકરી એટલે સ્નેહનું ઝરણું,**
**પત્ની એટલે પ્રેરણાનું ઝરણું,**
**માતા એટલે વાત્સલ્યનું ઝરણું.**



**સ્ત્રીનું દીકરી સ્વરૂપઃ** દીકરી એટલે આંગણે શોભતો તુલસીક્યારો. દીકરી એટલે ક્યારામાં ખીલેલ ગુલાબ. દીકરી તો માની આંખની કીકી ને દાદાની મૂડીનું વ્યાજ. દીકરો તો એક જ કુળને તારે છે, જ્યારે દીકરી બે કુળને ઉજાળે છે - પિતાના કુળને અને તેના પતિના કુળને. દીકરો જન્મે એટલે પેંડા વહેંચાય ને દીકરી જન્મે એટલે જલેબી. આ માન્યતા તંદુરસ્ત સમાજની નિશાની ન કહેવાય. દીકરો ને દીકરી મા-બાપ માટે આંખની બે કીકી સમાન જ સરખાં હોવા જોઈએ. **ઘરડે ઘડપણે દીકરો કદાચ મા-બાપને ઘરડાઘરે મૂકી આવશે, પરંતુ દીકરી એમને ઘરડાઘરમાંથી પોતાના ઘેર લઈ જશે.** એક મહાન લેખકે લખ્યું છે કે - દીકરો તો એની પત્ની આવે ત્યાં સુધી જ તમારો દીકરો છે, જ્યારે તમારી દીકરી તો આખી જિંદગી સુધી તમારી દીકરી જ રહે છે. કહેવાય છે કે પોતાના ઘરમાં દીવો કરે તે દીકરો અને બીજાના ઘેર જઈને દીવો કરે તો દીકરી... દીકરી તો સમર્પણ અને ત્યાગની મૂર્તિ છે. **સાસરે રહેવા છતાં એના હૈયામાંથી મા-બાપ માટેનો પ્રેમ કદી ઓછો થતો નથી.**

દીકરી જ્યારે પરણીને ઘરનું આંગણ છોડી વિદાય થાય છે ત્યારે બાપનું હૈયું પોકારી ઊઠે છે કે - **કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો!**

દીકરી વગર મા અધૂરી જ રહે છે. મા મર્યા પછી પણ દીકરી સ્વરૂપે જીવતી રહે છે. મા-દીકરી એકબીજાનાં મનની વાત કહ્યા વગર પણ સમજી જાય છે, જ્યારે પિતાના હૈયાની વાત ભણેલો દીકરોય બાપની આંખમાંથી વાંચી શકતો નથી. દીકરી તો સ્નેહનું ઝરણું અને મા-બાપ વચ્ચેની વહાલની કડી છે. પરણેલ પુરુષ તો આટલું યાદ રાખે કે **તેની પત્ની પણ કોઈકની લાડકવાયી દીકરી છે, તો આ સંસારના ઘણા ઝઘડાનો અંત આવી જાય.**



**સ્ત્રીનું પત્ની સ્વરૂપઃ** દીકરો અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરી અન્યની દીકરીને પત્ની સ્વરૂપે લઈ આવે છે ત્યારે દીકરાની માતા એને લક્ષ્મી માની આવકાર આપે છે. આ ભારતીય સંસ્કૃતિની એક ઉજ્જવળ પરંપરા છે. ઘરમાં એક સામાન્ય સ્ત્રી આવી છે એવું નહીં, સાક્ષાત્ લક્ષ્મી ઘરે પધાર્યાં છે,

**દીકરી એટલે આંગણે શોભતો તુલસીક્યારો. દીકરી એટલે ક્યારામાં ખીલેલ ગુલાબ. દીકરી તો માની આંખની કીકી ને દાદાની મૂડીનું વ્યાજ. દીકરો તો એક જ કુળને તારે છે, જ્યારે દીકરી બે કુળને ઉજાળે છે – પિતાના કુળને અને તેના પતિના કુળને**

# નારી સૃષ્ટિ

**જો આવો ઘરનાં સૌ વડીલોના મનમાં ભાવ જાગે તો ઘરસંસાર સુખરૂપ થઈ જાય.**

લગ્નબંધનમાં સ્ત્રી-પુરુષની વચ્ચે આત્માની એકતા સર્જાય છે. લગ્ન એ બે સાથીદારોની સ્વેચ્છાપૂર્વક, સ્નેહભાવપૂર્વકની અને સમજદારીપૂર્વકની સહયાત્રા છે. સપ્તપદીનાં સાત વચનો માત્ર શબ્દો જ નથી રહેતા, પરંતુ જીવનભર નિભાવવાની નૈતિક ફરજના ભાગ બની જાય છે. ઘરમાં પત્ની રૂપે આવનાર સ્ત્રી પિતાના ઘરનું આગણું છોડીને અન્ય કુટુંબના સુખ-દુ:ખમાં સહભાગી થવા સ્વેચ્છાએ ચાલી આવે છે. એ સ્ત્રી નણંદને બહેન સમાન, સાસુને માતા સમાન, સસરાને પિતા સમાન, દિયરને નાના ભાઈ સમાન, જેઠને મોટા ભાઈ સમાન, જેઠાણીને મોટી બહેન સમાન ગણી ઘરનાં સૌનો પ્રેમ ઝંખે છે. હવે જો સાસુ, નણંદ, સસરા કે પતિ એ સ્ત્રીનો આત્મા દુભાય એ પ્રકારે વર્તન કરે તો ઘરની લક્ષ્મી, કીર્તિ, વિદ્યા, સુખ વગેરેનો નાશ થાય છે. પતિ-પત્ની એકબીજાનાં પૂરક છે. જો બંને વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ન સર્જાય તો લગ્નજીવનરૂપી નાવ મધદરિયે ખડક સાથે અથડાઈ તૂટી પડે છે. જો પતિ સીતા સમાન સહનશીલતાની મૂર્તિ, આજ્ઞાધારક પત્નીને ઓળખવામાં ભૂલ-થાપ ખાય ને તેને હેરાન-પરેશાન કરે તો તે સ્ત્રી ક્યારેક દ્રૌપદી સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. મોટે ભાગે સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બની ઘરમાં હોળી સળગાવે છે. જો નણંદ-ભોજાઈ, સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, એકમેકને અનુકૂળ થઈ જીવે, **એકમેકને સમજે તો ઘરમાં શાંતિ નિવાસ કરે છે ને તેને પગલે સમૃદ્ધિ પણ આવે છે.**



**સ્ત્રીનું માતા સ્વરૂપઃ**

એમ કહેવાય છે કે આ વિશાળ સૃષ્ટિમાં ઈશ્વર બધે ના પહોંચી શક્યો તેથી તેણે ‘મા’નું સર્જન કર્યું. તે મા સ્વરૂપે સમગ્ર જગતને પ્રેમ વહેંચી રહ્યો છે. મા એ ઈશ્વરના પ્રેમનું સાકાર સ્વરૂપ છે. ભગવાનને ભજવાથી મા નથી મળતી, પરંતુ માની સેવા કરવાથી (ભજવાથી) ભગવાન મળે છે. બાળક જન્મે છે ને બોલતાં શીખે છે ત્યારે તેનો પ્રથમ ઉચ્ચાર હોય છે – ‘મા’. મા એટલે જ મમતા અને મૃદુતા. સહજ પ્રેમ અને પવિત્રતાની કારુણ્ય મૂર્તિ એટલે મા. **મા કોઈ રાજાની હોય કે કોઈ ગરીબની હોય, પરંતુ મા સરખી જ હોય છે**. કવિ ‘કાગ’ માના ગુણ ગાતાં કહે છે...

**મોઢે બોલું મા, ત્યાં સાથે નાનપણ સાંભરે,**
**પછી મોટપની મજા, મને કડવી લાગે કાગડા !**

સ્ત્રીનાં વિવિધ રૂપોમાં સૌથી શ્રેષ્ઠ અને પૂજનીય કોઈ સ્વરૂપ હોય તો તે છે ‘મા’નું સ્વરૂપ. માતૃવાત્સલ્યનું ઝરણું ગમે તેવા તાપમાંય સુકાતું નથી કે ગમે તેવા પથ્થરોમાંય એ વહ્યા કરે છે. સ્ત્રી જ્યારે બાળકને જન્મ આપે છે તે સાથે જ એનામાં માતાનો પણ જન્મ થાય છે. બાળકને જોતાં જ મા પોતાની પ્રસવની પીડા ભૂલી જાય છે. દુનિયાના અન્ય સંબંધોમાં સ્વાર્થની બદબૂ આવે છે, જ્યારે મા-દીકરાના સંબંધમાં આવી કોઈ સ્વાર્થભાવના જોવા મળતી નથી. મા કરતાં ભગવાન પણ મોટા નથી, કારણ કે રામ-કૃષ્ણને જન્મ આપનાર કૌશલ્યા ને દેવકી મા જ હતાં ને ! **પ્રાર્થનામાં પ્રથમ માતાને યાદ કરીને કહેવાય છે કે ‘માતૃદેવો ભવ’ તે પછી જ બોલાય છે ‘પિતૃદેવો ભવ’.**


મા આ જગતનાં ઝેર પચાવીને બાળકને ઉરનાં અમૃત પાય છે. બાળક માટે તો માતાનો ખોળો એટલે સેફ ડિપોઝિટ વૉલ્ટ. **માનો ખોળો એટલે સિંહાસન, માનો ખોળો એટલે અભેદ્ય કિલ્લો.**

કોઈ માને પાંચ બાળકો હોય ને તમે પૂછો કે તમને કયું બાળક વધારે વહેલું છે? તો મા હસીને કહેશેઃ **મને તો બધાંય વહાલાં. આમ માનો પ્રેમ બધા પર એકસરખો વરસે છે.**

> **ભગવાનનાં નામોમાં પણ માતાનું નામ પ્રેમપૂર્વક લેવાય છે. જેમ કે કૌશલ્યાનંદન રામ, દેવકીનંદન કૃષ્ણ, અંજનિસુત હનુમાન. વીર યોદ્ધા કે અન્ય મહાપુરુષો પણ માતાના નામ સહિત ઓળખાય છે, જેમ કે કુંતિપુત્ર અર્જુન, ગંગાપુત્ર ભીષ્મ, સુમિત્રાનંદન લક્ષ્મણ વગેરે...**

ભગવાનનાં નામોમાં પણ માતાના નામ પ્રેમપૂર્વક લેવાય છે. જેમ કે કૌશલ્યાનંદન રામ, દેવકીનંદન કૃષ્ણ, અંજનિસુત હનુમાન. વીર યોદ્ધા કે અન્ય મહાપુરુષો પણ માતાના નામ સહિત ઓળખાય છે, જેમ કે કુંતિપુત્ર અર્જુન, ગંગાપુત્ર ભીષ્મ, સુમિત્રાનંદન લક્ષ્મણ વગેરે... **અહીં પણ માતાનો મહિમા ગવાયો છે.**

પિતા પરિવારના વડીલ છે, પરંતુ પરિવારનું હૈયું તો મા છે. જે વાત કહેતાં પુત્ર પિતાથી ડરે છે, એ જ વાત પુત્ર માતાને કશા જ ડર વગર કહી શકે છે. પિતા પુત્રને ધમકાશે, દૂર હડસેલશે, પરંતુ મા દીકરાને સમજાવશે, પોતાની ગોદમાં બેસાડશે. પિતાનાં વેણ ક્યારેક ઘરસંસારમાં કડવાશ પેદા કરે છે, જ્યારે માતાનાં વેણ એ કડવાશને મીઠાશમાં ફેરવીને ઘરમાં શાંતિ સ્થાપે છે. પુત્રને પિતાની આંખ ડારે છે, જ્યારે માતાની આંખ એને શાતા આપે છે. માની નજરમાં દીકરો કદી મોટો થઈ શકતો નથી, પરંતુ જે દિવસે દીકરો એવું માનતો થઈ જાય છે કે **હવે ઘણો મોટો થઈ ગયો છે તે દિવસે તે માતાનો પ્રેમ ગુમાવે છે.** ■



આગામી

## ૩૧મી ઓક્ટોબર

આપણા સૌના લાડીલા
તેજસ્વી - ઓજસ્વી - યશસ્વી
દેશભક્ત રાજપુરુષ

## સરદાર સાહેબનો જન્મદિવસ છે

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સરદાર સાહેબની પાવન સ્મૃતિમાં એક વિરાટ સંમેલન - 'સરદાર ગૌરવગાથા' કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. એક મિની કુંભમેળા જેવું અદ્‌ભુત આયોજન થશે.
મિત્રો! આ અનુસંધાનમાં 'ઉમા સૃષ્ટિ'નો એક સ્પેશિયલ અંક

## 'સરદાર સાહેબ જીવન-કવન'

પ્રકાશિત કરવાનો મનોરથ સેવ્યો છે. ફોર કલર અને આર્ટ પેપર પર તૈયાર થનારો આ ઉત્કૃષ્ટ અને અદ્‌ભુત અંક કીમતી જણસની માફક સાચવી રાખવા જેવો તૈયાર થશે.
આપ આપના પરિવાર માટે, પેઢી માટે, ઉદ્યોગગૃહ માટે, મિત્રો-સ્વજનોને આપવા માટે,

**અરે! કંઈ નહીં તો નવી પેઢીના ઉત્તમ સંસ્કાર-વારસા માટે પડતર કિંમતે ૫૦ના ગુણાંકમાં ૨૦ ઓક્ટોબર સુધી બુક કરાવી શકો છો.**

**સંપર્ક - મેનેજર શૈલેષભાઈ પટેલ : ૯૯૭૪૯૯૯૧૬૫**

ચાલો! 'ભારતના આ ભાગ્યવિધાતા' અને પ્રખર રાષ્ટ્રભક્ત રાજપુરુષને તેમના જન્મદિવસે વિરાટ સંમેલનમાં ઉપસ્થિત રહી તેમના પ્રત્યેનો આપણો અહોભાવ પ્રદર્શિત કરી, સ્મૃતિઓને ઝકઝોળી ઋણમુક્ત થઈએ.

ડૉ. પ્રભુદાસ પટેલ-તંત્રી

# વિશ્વ ઉમિયાધામ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ કાર્યક્રમ





ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ એટલે જન્માષ્ટમી. સમગ્ર ભારત ઉપરાંત દેશ અને વિદેશમાં જ્યાં-જ્યાં હિન્દુઓ વસે છે, ત્યાં ઉજવાતો હિન્દુ ધર્મનો આ સૌથી મોટો તહેવાર મનાય છે, ત્યારે વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે આ વર્ષે આનંદ, ઉલ્લાસ અને ધૂમધામપૂર્વક શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવેલ.

આ પ્રસંગે પરમ પૂજ્ય કથાકાર શ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીના માર્ગદર્શન અને આશીર્વાદ તથા લોક સાહિત્યકાર શ્રી વાઘજીભાઈ રબારીની મધુર વાણીથી કૃષ્ણકથા - રાસ-ગરબાની રમઝટ સાથે મટકી ફોડ કાર્યક્રમ કરવામાં આવેલ. જે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠન કાર્યકર્તા ભાઈઓ/બહેનોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ.

# પૂજ્ય લંકેશબાપુની શિવકથાના દર્શનાર્થે




શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં સોમનાથ મહાદેવ મંદિરના જીર્ણોદ્ધાર પ્રસંગે ટ્રસ્ટી ગણ તથા કલોલ તાલુકાના રહીશોના સાથ - સહકારથી પરમ પૂજ્ય લંકેશ બાપુની શિવકથાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી તથા અન્ય દાતાટ્રસ્ટી ગણ શિવકથામાં ઉપસ્થિત રહી પરમ પૂજ્ય બાપુની મધુર વાણીનો લાભ લઈ આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી.

# પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પૂજા - અર્ચના





શ્રાવણ માસમાં શિવજીની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. ભગવાન શિવના ત્રિગુણ તત્ત્વ :- સત, રજ, તમ એમ ત્રણેય પર સમાન અધિકાર છે. શિવ પોતાના મસ્તક પર ચંદ્રમાને ધારણ કરે છે. શિવ એ ચંદ્રમાના ઈષ્ટ દેવ છે. ચંદ્રમા પર તેમને વિશેષ સ્નેહ હોવાને કારણે સોમવાર (ચંદ્રવાર) તેમને વધારે પ્રિય છે અને તેમાં પણ શ્રાવણ માસમાં આવતા સોમવાર શિવને અતિ પ્રિય છે. વિશ્વ ઉમિયાધામ નિજ સ્મૃતિ મંદિરમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલે પવિત્ર શ્રાવણ માસમાં સોમવારના દિવસે શ્રી મહાદેવની પૂજા - અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# કાયમી ટ્રસ્ટી મંડળ મીટિંગ

વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે સંસ્થાની કાયમી ટ્રસ્ટી મંડળની મીટિંગ પ્રમુખ શ્રી આર. પી. પટેલના અધ્યક્ષ સ્થાને સંસ્થાની થયેલ કામગીરી તેમજ આગામી કાર્યક્રમોના આયોજન - ચર્ચા વિચારણા સારું મળેલ.




# શ્રી અનિલભાઈ કુંભારે - જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ, મુંબઈ મા ઉમિયાના દર્શનાર્થે



મુંબઈ જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ શ્રી અનિલભાઈ કુંભારે વિશ્વ ઉમિયાધામ ખાતે જગત જનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. ત્યાર બાદ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત દરમિયાન સંસ્થાના વિઝન - મિશન તથા અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

મેઘા જોશી
લેખિકા જાણીતાં કોલમિસ્ટ છે

# મેરી બાત રહી મેરે મન મેં... ઊલઝન અને ગેરસમજનો સરવાળો

**ગુણિયલ સ્ત્રીની પારંપારિક વ્યાખ્યામાં 'જતું કરવું' પહેલા નંબરે આવે છે, જીવનની ઢળતી સાંજે એ જ સ્ત્રી જ્યારે વસવસા અને પસ્તાવાના ઢગલા વચ્ચે બેઠી હોય ત્યારે તેની પાસે એકલતાની દીવાલો સિવાય કંઈ નથી હોતું...**

'ના, મને નહીં ફાવે, હું નહીં કરી શકું...'

આ સ્પષ્ટતા તમારી પાસે છે?

આપણે સ્ત્રીઓ માટે સાહજિક રીતે એમ માની લઈએ છીએ કે સામાન્ય રીતે સ્ત્રીઓ પોતાની પસંદગી કે પોતાની જાતને હંમેશાં બાજુ ઉપર મૂકે છે. ખાસ કરીને પરિણીત સ્ત્રી પોતાના પતિ, સંતાન અને પરિવારના સમય, ચોઈસ અને જરૂરિયાતને આગળના ક્રમે મૂકે એવું સાહજિક વર્તન જોવા મળે છે. સ્ત્રીની આ સામાન્ય રીતે જોવા મળતી બાબતને મહાન પણ કહેવામાં આવે છે અને ક્યારેક તેને મૂરખ પણ માનવામાં આવે છે. ઈન શોર્ટ, જે પોતાની જાતને છોડી દે એ સ્ત્રી મહાન અથવા મૂરખ સાબિત થાય છે. ધારો કે મહાનતાનું સર્ટિફિકેટ મળી જાય તો બધી જ ગાંઠ ખૂલી જાય? ધારો કે આપણી અનિચ્છા કે અસ્વીકૃતિ અભિવ્યક્ત ના કરીએ અને સામેવાળી વ્યક્તિ સુધી આપણું સત્ય ના પહોંચવા દઈએ તો બધી સમસ્યાનો ઉકેલ આવી જાય ખરો? જ્યાં સુધી બે વ્યક્તિ વચ્ચેના કોમ્યુનિકેશનમાં સ્પષ્ટતા ના હોય ત્યાં સુધી ભ્રમના સરવાળા થશે અને **કોઈ એક દિવસે પરિણામ સ્વરૂપે માત્ર પરસ્પર આક્ષેપ, મનદુઃખ અને કટુ અંતર મળશે.**

ગુણિયલ સ્ત્રીની પારંપારિક વ્યાખ્યામાં 'જતું કરવું' પહેલા નંબરે આવે છે. જીવનની ઢળતી સાંજે એ જ સ્ત્રી જ્યારે વસવસા અને પસ્તાવાના ઢગલા વચ્ચે બેઠી હોય ત્યારે તેની પાસે એકલતાની દીવાલો સિવાય કંઈ નથી હોતું. બીજું કે, ઘણી એવી બાબતો હોય છે, જેમાં મહત્ત્વ સ્પષ્ટીકરણનું હોય છે. શક્ય છે કે તમારો વિચાર સામેના પક્ષને પૂરેપૂરો સમજાઈ જાય અને જે તે સમયે જ યોગ્ય ઉકેલ મેળવી શકાય. નિષ્ફળતાનો ભય અને પોતાની આદર્શ ઈમેજને અકબંધ રાખવાની



મથામણમાં આપણે અભિવ્યક્ત નથી થતા. પરિવારના સભ્યો હોય કે બહારના લોકો હોય એને વિરોધ પક્ષ શા માટે માની લેવો જોઈએ? **જે તે સમયની વૈચારિક અસ્પષ્ટતાને કારણે વર્ષો સુધી અનેક ગેરસમજો જન્મ લઈ શકે છે.**

બોલવું એટલે ઝઘડવું નહીં. કહી દેવું એટલે વિરોધ નોંધાવવો નહીં. સ્પષ્ટ ભાષામાં પોતાની વાત કહેવી, પોતાના જીવનના નિર્ણય લેવા કે જરૂર લાગે ત્યાં 'ના' પાડવી એ આત્મવિશ્વાસના પુરાવા છે. આપણે જ્યારે આપણો નિર્ણય જાહેર કરીએ અને તેનો પૂર્ણપણે અમલ કરીએ ત્યારે નાકામિયાબ થવાની સજ્જતા પણ રાખવી પડે. ખોટા પાડવાની ભીરુતા માનસિક રીતે ટટ્ટાર નહીં રહેવા દે. જે સ્વજનો અથવા સ્થિતિને આગળ ધરીને આપણે પીછેહઠ કરીએ છીએ તે જીવન પર્યંત સાથે ચાલશે? દિવસની હોય કે જીવનની હોય, પણ સમી સાંજ જ્યારે સફળતા, નિષ્ફળતા, લાગણી, હરખ કે **શોકના હિસાબ માંડીશું ત્યારે આપણા પ્રત્યેક વર્તનના જવાબદાર આપણે જ હોઈશું.**

જ્યારે તમે ખુદની અનુકૂળતા અને પ્રતિકૂળતા વિશે સભાન થઈ જાઓ ત્યારે આપોઆપ ઘણી બધી સમસ્યાનો ઉકેલ મળી જાય છે. જે પ્રાયોરિટી નક્કી ના કરી શકે એ જાત અને બીજા માટે અનુક્રમે મૂંઝવણ અને ગેરસમજ જ ઊભી કરે છે. જે તે સમયે તમારા અગ્રતાક્રમ તમારે જાતે જ નક્કી કરવા પડશે અને એ મુજબ જ નિર્ણય લેશો તો મૂંઝવણ ઓછી થશે. આપણી સૌથી મોટી સમસ્યા આપણે ખુદ જ છીએ. **સમય, પરિસ્થિતિ કે અન્ય વ્યક્તિ પર આક્ષેપ કરવાથી માત્ર શોર્ટ ટર્મ સંતોષ મળશે, માનસિક શાંતિ નહીં.** ■

મમતા મહેતા
લેખક 'દિવ્ય ભાસ્કર'નાં કોલમિસ્ટ છે

# માતા-પિતાની ૧૦ ભૂલ, બાળકનો બગાડે ભવ



બાળક સાથે અયોગ્ય ભાષામાં વાતચીત કરવાથી તેનામાં સારા સંસ્કારોનો વિકાસ નથી થતો અને તે હીન ભાવનાથી પીડાવા લાગે છે

બાળકના જીવન ઘડતરમાં માતા-પિતાનો બહુ મોટો ફાળો હોય છે. બાળક નાનું હોય ત્યારે જો માતા-પિતા સતર્ક રહે અને કેટલીક ભૂલો ન થાય એનું ખાસ ધ્યાન રાખે તો **બાળક જીવનમાં બહુ સારી રીતે આગળ વધે છે.**

**અનિયમિત શેડ્યુલઃ** બાળકોનું રુટિન નિયમિત રીતે જળવાયેલું રહે છે એ બહુ જરૂરી છે. જો બાળકને મોડી રાત સુધી જાગીને સવારે મોડા ઊઠવાની આદત પડી જાય તો આ આદત બદલવામાં બહુ સમય લાગે છે અને જીવન અનિયમિત બની જાય છે. **જો બાળકનું શેડ્યુલ અનિયમિત હોય તો એની સમગ્ર સ્વાસ્થ્ય અને વિકાસ પર નકારાત્મક અસર પડે છે.**

**કારણ વગર વઢવુંઃ** જો બાળકોને કારણ વગર વઢવામાં આવે તો તે ભારે ચિંતામાં મુકાઈ જાય છે. આ **એન્ઝાઇટીને કારણે તે વસ્તુઓને સકારાત્મક રીતે જોઈ શકતું નથી અને હંમેશાં કન્ફ્યુઝ રહે છે.**

**મોટિવેશનનો અભાવઃ** બાળક યોગ્ય રીતે પોતાનું કામ કરે એ માટે જરૂર પડે ત્યારે એને મોટિવેશન આપતા રહેવું જોઈએ. જો બાળક કામ સારી રીતે કરે ત્યારે પણ એને મોટિવેશન ન મળે તો **બાળકમાં પણ કામને સારી રીતે કરવાનો ઉત્સાહ જળવાતો નથી.**

**સ્માર્ટફોનનો વધારે ઉપયોગઃ** સ્માર્ટફોનના અમર્યાદિત ઉપયોગ પર અંકુશ ન મૂકવામાં આવે તો બાળકનો સમય બગડે જ છે, સાથે સાથે **અભ્યાસમાંથી પણ તેનો રસ ધીરે ધીરે ઊડી જાય છે.**

**વધારે પડતું દબાણઃ** બાળક પર અભ્યાસના મુદ્દે કે પછી અન્ય કોઈ મુદ્દે વાત માનવા માટે વધારે પડતું દબાણ કરવામાં આવે તો **તેના આગવા વ્યક્તિત્વનો વિકાસ જ થઈ શકતો નથી.**

**અયોગ્ય ભાષાનો વપરાશઃ** બાળક સાથે અયોગ્ય ભાષામાં વાતચીત કરવાથી તેનામાં સારા સંસ્કારોનો વિકાસ નથી થતો અને તે હીન ભાવનાથી પીડાવા લાગે અને એ **પોતાની જાતને સારી રીતે અભિવ્યક્ત નથી કરી શકતું.**

**વ્યક્તિગત પ્રોત્સાહનનો અભાવઃ** બાળક જો સારું કામ કરે તો તેને વ્યક્તિગત રીતે પ્રોત્સાહન આપવું જ જોઈએ. બાળકને યોગ્ય સમયે પૂરતું પ્રોત્સાહન ન આપવામાં આવે તો **એના આત્મસન્માન પર નકારાત્મક અસર પડે છે.**

**પૂરતો સમય ન આપવોઃ** બાળકના સર્વાંગિ વિકાસ માટે તેને પૂરતો સમય આપવો જરૂરી હોય છે. બાળકને પૂરતો સમય આપવામાં આવે તો તે સંકોચ વગર પોતાના મનની વાત વ્યક્ત કરી શકે છે. **બાળકને સમય આપીને બાળકના વિચારને સમજવામાં સારી એવી મદદ મળી છે.**

**વધારે પડતી સ્વતંત્રતાઃ** બાળકને વધારે પડતી સ્વતંત્રતા આપી દેવાથી એ **મર્યાદા અને અનુશાસનનું મહત્ત્વ નથી સમજી શકતું.**

**અન્ય સાથે સરખામણીઃ** બાળકની સરખામણી બીજાં બાળકો સાથે કરવાથી તે ઓછપ અનુભવે છે અને તેના આત્મસન્માનને ઠેસ પહોંચે છે. દરેક બાળક પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે અને **એની સાથે યોગ્ય રીતે વર્તન થવું જોઈએ.** ■



**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# માણસ તન કરતાં વધુ મનથી બુઢ્ઢો થઈ જાય છે



**મૂછનો પહેલો દોરો ફૂટે ત્યારે થનગની ઊઠતો માણસ એ જ મૂછમાં આવેલો પહેલો સફેદ વાળ જોઈને થથરી જાય છે, મૂછમાં કે માથામાં સફેદ વાળ જોઈને કેટલા લોકો એવું બોલે છે કે હવે હું પરિપક્વ થઈ ગયો?**

'મારા માટે મોટી ઉંમર એટલે હું છું તેનાથી પંદર વર્ષ વધુ.' આ વાત કરનાર બર્નાર્ડ બરૂચ પત્રકાર હતા. તારીખ **૨૦મી ઓગસ્ટ, ૧૯૫૫ના રોજ તેમણે આ વાત કરી ત્યારે તેઓનો ૮૫મો જન્મદિવસ હતો.**

ઉંમર માણસના જીવનમાં કેવી અસર કરે છે? મૂછનો પહેલો દોરો ફૂટે ત્યારે થનગની ઊઠતો માણસ એ જ મૂછમાં આવેલો પહેલો સફેદ વાળ જોઈને થથરી જાય છે. સામાન્ય રીતે માણસ એવું બોલે છે કે હવે ઉંમર થઈ. **મૂછમાં કે માથામાં સફેદ વાળ જોઈને કેટલા લોકો એવું બોલે છે કે હવે હું પરિપક્વ થઈ ગયો?**

ઉંમર માણસને નબળો પાડી દે છે કે નબળા માણસને ઉંમરની વધુ અસર દેખાય છે? આ પ્રશ્ન સદીઓથી ચર્ચાતો આવ્યો છે. ઉંમર વધવાની સાથે શરીર થોડું નબળું પડે છે તે વાત સાચી છે. વીસ-પચીસ વર્ષની ઉંમરે દોડતો માણસ સાઈઠ વર્ષની વયે એ જ ઝડપે દોડી ન શકે. **જુવાની વિશે કહેવાય છે કે- એ માણસ યંગ છે જે તેની ઉંમરની અસર મન પર થવા દેતો નથી.**

માણસ તનથી નહીં, પણ મનથી બુઢ્ઢો થઈ જતો હોય છે. હવે ઉંમર થઈ ગઈ છે, હવે થાકી જવાય છે, હવે શરીર સાથ નથી આપતું. હવે **દોડધામ થતી નથી, આવી વાતો કરીને માણસ પોતે જ પોતાની ઉંમરને શરણે થઈ જાય છે.**

કેટલી ઉંમરે માણસ વૃદ્ધ થયો ગણાય? સાચી વાત એ છે કે બુઢાપાની કોઈ વ્યાખ્યા જ નથી. બુઢાપાની વ્યાખ્યા કદાચ એવી કરી શકાય કે જે માણસ મનથી થાકી જાય તે બુઢ્ઢો. કેટલાક જુવાનિયાઓ પણ બુઢ્ઢા જેવા હોય છે. **કેટલાક બુઢ્ઢાઓને જોઈને લાગે કે આ માણસે પોતાની ઉંમરને પોતાની મુઠ્ઠીમાં રાખી છે.**

ગુજરાતીમાં એક સરસ મજાની કહેવાત છે કે 'ઘરડાં ગાડાં વાળે.' આ કહેવત ઘરડાં લોકોની કુનેહને ઉજાગર કરે છે. જે માણસ પોતાને કોઈ પણ ઉંમરે નિ:સહાય, લાચાર, બિનઉપયોગી માનતો નથી તે ક્યારેય વૃદ્ધ થતો નથી. **જેનામાં જોમ હોય છે તે જિંદગીના છેલ્લા શ્વાસ સુધી જુવાન રહે છે.**

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ ૮૦ વર્ષની વયે પણ યુવાન છે. ડૉક્ટર અબ્દુલ કલામ અમદાવાદ આવ્યા હતા. અંતરિક્ષ વિજ્ઞાનનાં સંશોધનો કરતી સંસ્થા પીઆરએલની તેમણે મુલાકાત લીધી. આ સમયે તેઓએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૫માં જ્યારે ભારતના એસ્ટ્રોનટ્સ ભારતે જ વિકસાવેલી સ્પેસ ટેક્નોલોજીની મદદથી અંતરિક્ષની સફરે જશે ત્યારે હું પંચાણું વર્ષનો હોઈશ. આ એસ્ટ્રોનટ્સનું હું સ્વાગત કરીશ.

ઉંમર તો સતત વધતી જ રહેવાની છે, પણ ઉંમરની સાથે તમારા વિચારો બુઢ્ઢા ન થવા જોઈએ. તમને ભલે ઉંમરની અસર વર્તાય, મનને ઉંમરની અસર ન થવી જોઈએ. મારી પાસે આખા જીવનનું ભાથું છે. **આટલાં વર્ષોનો અનુભવ છે. તે મોટી ઉંમરે કામ ન લાગે તો ક્યારે કામ લાગશે?**

તમારા વિચારોને ઘરડા ન થવા દો. તમારા મનને જુવાન રાખવાનું કામ તમારા હાથમાં છે. તમારી ઉંમરનું ગૌરવ જાળવો. એ જ માણસ ઉંમર પાસે હારી જાય છે, જે હતાશ થાય છે. જિંદગી દરેક ઉંમરે જીવવા જેવી હોય છે. ઉંમર વધતાં જિંદગીનો હાથ છોડી ન દો. જિંદગીને કહો કે- આવ, હવે તો મારી પાસે સમય છે. **મને મારો આ સમય માણવા દે. હું મોટો થયો છું પણ મ્હાત થયો નથી. જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી શક્તિ છે.** ■

## સમાજ સૃષ્ટિ



**ડૉ. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કોલમિસ્ટ અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.



# હૈયું અને હાથ એ તો ઈશ્વરનાં વરદાન!

**એકાએક મારી નજર ચબરખીની પાછળ છાપેલાં કશાંક લખાણ તરફ ગઈ. એમાં લખેલું હતુંઃ 'દરેક સારી ચીજ કુદરતે પથ્થર જેવી સખત મુઠ્ઠીમાં મૂકેલી છે. માત્ર મહેનતથી તે છૂટી થઈ શકે છે.'**

...અને પેલા નાનકડા બાળકે મને કહ્યું, **'બોલો, મારી મુઠ્ઠીમાં શું હશે કહો?'**

મેં ખૂબ જ તર્ક લડાવ્યા, પણ બાળકની મુઠ્ઠીમાં શું હશે એની કલ્પના કરી શક્યો નહીં. એટલે પુનઃ સ્મિતસહ કહ્યું, 'હારી ગયા ને? **બીજી એક તક આપું છું. મારી મુઠ્ઠી ખોલો અને જે કાંઈ નીકળે તે તમારું.'**

મને વિજયનાં ચિહ્નો દેખાયાં. નાનકડા બાળકની મુઠ્ઠી ખોલતાં વાર શી? પણ પેલા બાળકે મુઠ્ઠી એવી સખત રીતે વાળી હતી કે એને ખોલવામાં ભારે પરિશ્રમ કરવો પડ્યો. **એની મુઠ્ઠી પાછળ દૃઢ મનોબળ અને અજેય રહેવાનો નિરાધાર હતો.**

મેં બાળકની મુઠ્ઠી ખોલી, મને ખૂબ જ આશ્ચર્ય થયું. એમાં મારી ધારણા મુજબનું કશું જ ન નીકળ્યું. નીકળી માત્ર કાગળની એક ચબરખી. મને પશ્ચાત્તાપ થયોઃ આ નાનકડી તુચ્છ વસ્તુ માટે મેં આટલો બધો પ્રયત્ન શું કામ કર્યો? **બાળક હસીને ચાલતું થયું અને હું પેલી ચબરખી હાથમાં પકડીને ભોંઠા પડેલી હાલતમાં ઊભો રહ્યો.**

ત્યાં એકાએક મારી નજર ચબરખીની પાછળ છાપેલાં કશાંક લખાણ તરફ ગઈ. એમાં લખેલું હતુંઃ **'દરેક સારી ચીજ કુદરતે પથ્થર જેવી સખત મુઠ્ઠીમાં મૂકેલી છે. માત્ર મહેનતથી તે છૂટી થઈ શકે છે.'**

...અને મારા મુખ પર હાસ્યનું મોજું ફરી વળ્યું. ઓ મારા બાળ દોસ્ત, હું તારાથી છેતરાયો નથી. તારી મુઠ્ઠીમાં એવી મહાન વસ્તુ હતી, જેનાથી દુનિયાભરની સમૃદ્ધિ ખરીદી શકાય, **વિશ્વભરની સુખ-સગવડો આપણી કદમબોસી કરતી થઈ જાય. હાથ અને હૈયું એ ઈશ્વરનાં અમોલ વરદાન છે. એનાથી સંપન્ન વ્યક્તિ વિપન્ન ક્યાંથી હોઈ શકે?**

મહાનતા, આકાંક્ષા કરવાની વસ્તુ નથી, નિરંતર આયાસથી હસ્તગત કરવાની વસ્તુ છે. સફળતા એ ઘાસ નથી કે જે ગમે તેમ ઊગી નીકળે. **પરિશ્રમની ઉર્વર ભૂમિમાં જ સફળતાનું બીજ અંકુરિત થાય છે.** ■

રણછોડ જે. પોંકિયા
(લેખક જાણીતા કોલમિસ્ટ છે)

# લઘુકથા: ગામની આબરૂ



**વીજ ઇસાની ઝબકી ઊઠી થઈ ઘટા ઘનઘોર**
**ભર્યા મેઘનો થયો કડાકો! ટહુકી ઊઠ્યા મોર!**

'બવ વરહ્યો મારો બાપલિયો! બવ વરહ્યો! હે ભગવાન! ટાણે ટાણે આમ જ વરહાવતો રે'જે...' રોંઢા ટાણે ઘનઘોરીને ઈશાની વીજળીના લિસોટા આભેથી છેક ધરતી સુધી થવા માંડ્યા! **જોરદાર કડાકા સાથે મેઘ તૂટી પડ્યો!**

ચૈતર-વૈશાખના તડકાથી તપી ઊઠેલ ધરતીમાંથી થોડી મીઠી સોડમ છૂટવા માંડી... કરસનકાકા ઓસરીમાં ઢાળેલ ખાટલે બેઠા બેઠા હરખાતા હતા. પાણીની વાછટ પવનના ઝાપટા સાથે છેક ઓસરીમાં આવી જતી હતી. તે એકદમ ઊભા થઈ નેવાની ધારે ગૂણિયું બાંધવા માંડ્યા ત્યાં તો **પવનની જોરદાર ઝાપટે હાથમાંનું ગૂણિયું ઉડાડી મેલ્યું!**

દેશી નળિયાંનાં નેવાંમાં પાણી ક્યાંય સમાતું નહોતું. શેરીનાં છોકરાં તો ડિલેથી લૂગડાં કાઢી નાગોડિયા થઈ **શેરીમાં વહી જતાં પાણીમાં છબછબિયાં કરવા મંડી પડ્યાં!**

આ બધું જોઈ કરસનકાકાના હૈયેથી શબ્દો સરી પડ્યા... 'અમ ખેડૂનો રાજા છો શું કરવી તારી વાતો? **આપણે બેય વચ્ચે તો બાપ! જુગજુગ જૂનો નાતો!'**

ખેતરોમાં વાવણી કરાય એટલો વરસાદ થઈ ગયેલો. સૌ ખેડૂતો સવારે વહેલા ઊઠી બીજના દાણા લઈ પોતપોતાના ખેતરે પહોંચી ગયા. **દાંતાળો જોડી માંડ્યા વાવણી કરવા.**

> **ખેતરોમાં વાવણી કરાય એટલો વરસાદ થઈ ગયેલો, સૌ ખેડૂતો સવારે વહેલા ઊઠી બીજના દાણા લઈ પોતપોતાના ખેતરે પહોંચી ગયા, દાંતાળો જોડી માંડ્યા વાવણી કરવા**

પડખેના ખેતરવાળી મોંઘી વહુની ઓસરીના કોરે ઊભી કરસન આતાએ સાદ કર્યો, 'મોંઘી, તારે ખેતર વાવવું નથી? **આ બધાયનાં ખેતરો વવાવા માંડ્યાં. તમારું તો કાંઈ ઠામઠેકાણું નથી.'**

'હું વાવું આતા! ઘરમાં ખાવાના દાણાય નથી તો ખેતરમાં તો મારો ટાંગો વાવું તો સે!... **બધાંયનું જોઈ જોઈને મને કાંઈનું કાંઈ થાય સે... પણ હું કરું?'**

સાંભળી કરસનબાબા ઘડીક વિચારે ચડી ગયા, પછી જતાં જતાં એણે મનોમન નક્કી કરી લીધું. સાંજે બધાય ખેડૂતો વાવીને આવી જતાં એણે સૌને સાદ કર્યો, 'એલા, જેને જેને ખેતર વાવતાં દાણાનો વધારો કર્યો ઈ આવીને મારી ઓસરીમાં ઢગલો કરી જાય... **એનાં કાવડિયાનું તો પસી થઈ રેહે...'**

શહેરમાં વસતાં ભાઈ-બહેનોમાં એવી છાપ ઘણાને હોય છે કે આ ગામડિયા સાવ ગોબા, અજ્ઞાન અને શિક્ષણ વગરના સાવ... પરંતુ સાવ એવું નથી. તેનામાં જેવી માનવતા, આવડત કે હૈયાસૂઝ છે તેવી કદાચ શહેરના શિક્ષણ પામેલામાં બહુ ઓછી હોય છે. શિક્ષણની જરૂરત ખરી, તેનાથી આવડત વધે, પરંતુ પ્રકૃતિ કે સ્વભાવ તો બદલી શકાતો નથી. **ઘણી વખત મેળવેલું શિક્ષણ સ્વાર્થમાં ફેરવાઈ જતું હોય છે.**

બીજે જ દિવસે મોંઘીનું આખું ખેતર વવાઈ ગયું ને આઠેક દિવસમાં તો સૌની હાર્યે મોલ ઉગાવો લઈ પવનની ઝપટે કલવલિયાં કરવા લાગ્યો.

મોંઘી ખેતરે જઈ આવીને... 'આતા! તમે તો મારાં સોરાંવ હારુ થઈને...' **એનાથી આટલું માંડ બોલાયું. બાપાના પગમાં પડી ગઈ.**

કરસન આતા પણ... 'અમારાં ખેતરો લીલકાય ને વસ્યમાં તારું એક ખેતર હારું ભક્ક લાગે તો ગામની આબરૂ હું?... **અમારાં આ હુંડાંહુંડાં જેવડાં પાઘડાં લાજી મરે!'**

થોડી વારે યાદ આવતાં, **'ઓલ્યા ગોરબાપો વાંસેસે એમ - મારા નામેરીએ જ કીધું સે એમ - હારું કામ અબાર્ય નથી જાતું...!'** ■

# સમાજ સૃષ્ટિ



**મહેન્દ્ર પટેલ**
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.

# શરતનું પરિણામ !

**હે મિત્ર, મેં એક મહિનામાં જે ચીજ મેળવી છે તે હું લાખ્ખો ખરચતાં પણ ન મેળવી શકત. મેં એકલા રહીને અણમોલ સુખદ શાંતિનું સુખ મેળવ્યું છે. એમાંથી જાણી શક્યો છું કે જેટલી જરૂરિયાતો ઓછી થતી જાય છે એટલી જ તેની સામે સુખદ આનંદની અને શાંતિની અનુભૂતિ થાય છે**

વિશ્વપ્રસિદ્ધ લેખક લિયો ટૉલ્સ્ટૉયની એક વાર્તા છે.


બે મિત્રો હતા. એકબીજા પરત્વે ખૂબ પ્રેમ હતો. બંને વચ્ચે શરત લાગી. શરત એ હતી કે કોઈને મળ્યા વગર, વાતચીત કર્યા વગર એક રૂમમાં એક મહિનો રહી શકે તેને રૂપિયા દસ લાખ આપવાના. બંને મિત્રોમાંથી એક મિત્રે શરત સ્વીકારી. જેને રૂપિયાની જરૂર હતી તેણે શરત સ્વીકારી. ગામથી દૂર એક ખાલી મકાનમાં રૂપિયાની જરૂરિયાતવાળો - મહત્ત્વાકાંક્ષી મિત્ર રહેવા લાગ્યો. બે વખતનું ભોજન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઉપરાંત કેટલાંક પુસ્તકો આપવામાં આવ્યાં હતાં. શરત સ્વીકારનાર મિત્રે રહેવા માટેનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં ચોપડીઓ વાંચી... થોડીક કસરત, યોગ, ધ્યાન વગેરે કરવા માંડ્યાં. થોડાક દિવસ પસાર થયા પછી મન બેચેન થવા લાગ્યું. કંટાળો આવવા લાગ્યો. ક્યારેક પોતાની જાત ઉપર ગુસ્સો આવવા લાગ્યો. એક સૂચના આપવામાં આવી હતી કે જો સહન ન થાય તો ઘંટડી વગાડવી, જેથી શરત હારી ગયો ગણાય અને રૂમની બહાર આવવાની છૂટ હતી. દિવસો પસાર થતા ગયા. અકળામણ વધતી હતી અને તંગ આવીને જઈને ક્યારેક પોતાના વાળ ખેંચતો, ક્યારેક રડવા લાગતો, પોતાની જાતને ગાળો પણ આપતો. **બંધ રૂમ, એકલાપણું બિહામણું લાગતું હતું, પણ શરતને યાદ રાખીને બેસી રહેતો.**


થોડાક દિવસો વીત્યા, તેનાથી થાય એ બધી ક્રિયાઓ કરી ચૂક્યો હતો. પુસ્તકો વંચાઈ ચૂક્યાં હતાં. હવે ધીરે ધીરે એનું મન શાંત પડવા લાગ્યું. પોતાના ચિત્તને કંઈક અજબ શાંતિ મળવા લાગી. હવે એવી સ્થિતિ આવીને ઊભી કે કોઈ વસ્તુની જરૂર જ ન રહી. બસ મૌન થઈને બેસી રહ્યો. પરમ શાંતિનો અનુભવ કરવા લાગ્યો. બબડાટ, ચીસો, ગાળો અને ગુસ્સો બધું જ બંધ થઈ ગયું. કોઈ એક સુખદ અનુભવમાંથી પસાર થવા લાગ્યો. અંદરથી અદ્ભુત આનંદ પ્રાપ્ત થવા લાગ્યો. **બહારની દુનિયા કે ઉદ્ભવતા વિચારો સાથેનો નાતો તૂટી ગયો. તે અંતર્મુખી બની ગયો.**

બીજી બાજુ તેના મિત્રને ચિંતા થવા લાગી.

દિવસો પસાર થઈ રહ્યા છે. હવે માત્ર એક જ દિવસ, મહિનો પૂરો થવામાં બાકી છે. મિત્ર બહાર આવશે અને પોતાને શરત મુજબ રકમ ચૂકવવી પડશે. આવા વિચારે ચઢતાં તેની હાલત બગડી ગઈ હતી. વેપાર-ધંધામાં ખોટ ગઈ છે. પોતાની પાસે મિત્રને આપવા માટેના રૂપિયા નથી. તો શું થશે? આવા વિચારે મિત્રને મારી નાખવા માટેની યોજના કરવા લાગ્યો. શરત તો હતી જ... એક દિવસ બાકી છે. ગામ બહાર ઘરમાં મિત્રને રાખ્યો હતો, ત્યાં પહોંચી ગયો ત્યારે શરત સ્વીકારનાર મિત્ર એ દિવસે જ ત્યાંથી જતો રહ્યો હતો અને એક પત્ર લખીને ગયો કે, ''હે મિત્ર, મેં એક મહિનામાં જે ચીજ મેળવી છે તે હું લાખ્ખો ખરચતાં પણ ન મેળવી શકત. મેં એકલા રહીને અણમોલ સુખદ શાંતિનું સુખ મેળવ્યું છે. એમાંથી જાણી શક્યો છું કે જેટલી જરૂરિયાતો ઓછી થતી જાય છે એટલી જ તેની સામે સુખદ આનંદની અને શાંતિની અનુભૂતિ થાય છે. આ દિવસોમાં મેં પરમાત્માના અસીમ પ્રેમને જાણી લીધો છે. જીવનના સાચા આનંદને મેળવવા ભૌતિક ચીજોની જરૂર નથી. આ આનંદની પ્રાપ્તિ થઈ છે. **તેના માટે તારો આભાર અને એટલે એક દિવસને બાકાત રાખી હું આ શરત તોડી રહ્યો છું.''**

અંદરનો આનંદ અંતર્મુખતાને કેળવવાથી પ્રાપ્ત થાય છે. થોડાં વર્ષ પહેલાં લૉકડાઉનના સંજોગોએ આપણી સામે એક નવી જ પરિસ્થિતિનું નિર્માણ કર્યું હતું. **આવો, આ પરિસ્થિતિમાં આપણે આપણામાંથી કંઈક મેળવીએ, સ્વયંને પામીએ.** ■





**મનસુખ સલ્લા**
(લેખક જાણીતા કોલમિસ્ટ છે)

# પોતાનું સ્મરણચિહ્ન મૂકી જવું જોઈએ?

**નામ, યશ, ઓળખ, સ્મરણ પાછળ તણાઈને આપણે નિજગતિ ભૂલી જઈએ છીએ. પછી સ્મરણચિહ્ન સાથે જોડાયેલા રાગદ્વેષ એટલા પ્રબળ બની જાય છે કે વખાણ કરનારા આપણને સારા લાગે છે.**

ભારતનો માણસ વાત કરતી વખતે ઉપનિષદ અને ગીતાની ભાષામાં બોલતો હોય છે, પરંતુ એ જીભ સુધી જ હોય છે. અંદર પચેલું નથી હોતું. એથી જીવતર અને તત્ત્વ વચ્ચે અંતર અને ક્યારેક વિરોધ પણ દેખાય છે. 'આ જગત ચાર દિવસનો મેળો છે. સાથે કાંઈ આવવાનું નથી. ખાલી હાથે આવ્યા, ખાલી હાથે જવાના.' આવું બોલનારા અનાસક્ત નથી હોતા, ગળા સુધી સંસારના કળણમાં ડૂબેલા હોય છે. કારણ કે કદાચ માણસ છોડી શકે, પરંતુ યશ છોડવો દોહ્યલો છે. **પોતાની પાછળ સ્મરણચિહ્ન છોડી જવાની લાલસા ભલભલાને હોય છે.**

એટલે નામ અમર કરી જવાની, લોકોની સ્મૃતિમાં જળવાવાની લાલસા થાય છે. પરિણામે જીવનની સહજ ગતિ રહેતી નથી. વખાણ - યશ - પ્રતિષ્ઠા પાછળ જ ફરતા રહીએ છીએ. એટલે જીવન છીછરું થઈ જાય છે.




વિનોદિનીબહેન નીલકંઠે એક બાઉલ સાધુનો પ્રસંગ ટાંક્યો છે. બંગાળમાં બાઉલ સાધુઓ આશ્રમ બાંધીને રહે છે. ભિક્ષા માગીને જીવે છે. કશાની ઉપાધિ ન કરનારા મસ્તમૌલા હોય છે. ભગવાન સિવાયના કોઈને ખરો ભેરુ ગણતા નથી. આવા એક બાઉલને કોઈએ પૂછ્યું, 'તમે ભિક્ષા માગી જીવો છો, ભજન ગાઓ છો, કોઈ પાસે આશા રાખતા નથી. એ તો બધું ખરું, પણ તમારા મરણ પછી તમારું કોઈ સ્મરણચિહ્ન રહેશે નહીં. **તમારી ઓળખ જળવાઈ રહે એવું તમે કાંઈ કરશો ને?'**

બાઉલ સાધુએ બહુ માર્મિક જવાબ આપ્યો, 'હોડી જ્યારે સમુદ્રકાંઠાના કાદવમાંથી પસાર થાય છે ત્યારે પોતાના ચીલા પાડે છે. એ જોઈને તમે કહી શકો કે અહીંથી હોડી પસાર થઈ હતી. એનું સ્મરણચિહ્ન કાદવમાં અંકાઈ જાય છે, પરંતુ મહાનદી કે સમુદ્રમાં હોડી પસાર થયા પાણી ઉપર તેની કોઈ નિશાની રહેતી નથી. ત્યાં હોડીને સ્મરણચિહ્ન રાખવાની જરૂર નથી હોતી. પસાર થવું એ જ એનું લક્ષ્ય છે. સ્મરણચિહ્ન કેવી રીતે જળવાય એ અંગે અમે પરવા રાખવા નથી. મૃત્યુ પછી અમને કોઈ યાદ રાખે કે નહીં એનું અમારા જીવનમાં કોઈ મહત્ત્વ નથી. **અમે તો ભક્તિસાગરમાં તર્યા એટલું જ પૂરતું છે. અમારું કોઈ સ્મરણચિહ્ન ન હોય.'**

બાઉલ સાધુઓ નિજાનંદમાં મસ્ત હોય છે એટલે નામ જાળવવાની પળોજણમાં પડતા નથી. આ ઉત્તર દ્વારા તેમણે જીવનનું એક સૂક્ષ્મ સત્ય પ્રગટ કર્યું છે. નામ, યશ, ઓળખ, સ્મરણ પાછળ તણાઈને આપણે નિજગતિ ભૂલી જઈએ છીએ. પછી સ્મરણચિહ્ન સાથે જોડાયેલા રાગદ્વેષ એટલા પ્રબળ બની જાય છે કે વખાણ કરનારા આપણને સારા લાગે છે. ઓછાં વખાણ કરનારા કે વખાણ નહીં કરનારા ઊતરતા લાગે છે. **એમાંથી નામ રાખવાના ઉધામા શરૂ થાય છે, પરંતુ એનો તો ક્યાંય છેડો નથી.** માણસ કોઈ પણ કામ નિજાનંદ માટે, પ્રભુની ભક્તિરૂપે કરે છે ત્યારે તે ક્યાંય બંધાતો નથી. તેની મુક્તિ જીવતેજીવત હોય છે. કોઈ ઓળખમાં તે સંકોચાઈ જતો નથી. જે લોકો નામને વળગે છે, નામ જાળવવા વલખાં મારે છે તેઓ સંસારના કાદવમાં વધુ ને વધુ ખૂંપતા જાય છે. કદાચ થોડાક ચીલા પડેલા દેખાય પણ મુક્તિ એમનાથી દૂર ને રહે છે. જેઓ નામને ભૂલે છે તેઓ ભગવાનને પામે છે. તેમને સ્મરણચિહ્ન જાળવવાની જીદ કે ઝંખના હોતી નથી. **તેઓ આ સૃષ્ટિમાંથી સુગંધી હવાની જેમ પસાર થઈ જાય છે.** ■

# હું મને ભૂલી ગયો છું



સાંભળી હતી એક નાનકડી કથા. બોધકથા કહો તો પણ ચાલશે. એક સુવાવડી સિંહણ પહાડોમાં ટહેલતી હતી. તેણે છલાંગ મારી. બચ્ચું પડ્યું તળેટીમાં. ત્યાં ઘેટાંનું ટોળું હતું. બચ્ચું ઘેટાંના ટોળામાં ભળી ગયું. ઘેટું થઈને ઊછરવા માંડ્યું. બોલવું, ચાલવું, બીવું - બધું જ ઘેટાની જેમ. એક દિવસ ઘેટાંના ટોળા પર એક સિંહે આક્રમણ કર્યું. આ ટોળામાં એણે બીજા સિંહને જોયો અને અચરજ પામ્યો. ઘેટાંના ટોળામાં સિંહ? બધાં ઘેટાંઓને બાજુએ મૂકીને એણે સિંહને જ પકડ્યો. લઈ ગયો એક સરોવર પાસે. એને બતાવ્યો એનો ચહેરો અને એને ભાન કરાવ્યું કે તું જરા તારા ચહેરાને એટલે કે તને ઓળખી લે. **તું સિંહ છે, ઘેટું નથી. આમ એક સિંહે બીજા સિંહને એની ઓળખ કરાવી.**

માર્મિક છે આ વાત. આપણી સાચી ઓળખ કરાવે એવા માણસો આપણી આસપાસ હવે ક્યાં રહ્યા છે? ગાંધીજી જેવા રાજકીય સંતે આપણને મડદામાંથી માણસ બનાવ્યા. આપણને આપણનો સાચો પરિચય કરાવે, આપણને આપણામાં રહેલું અજવાળું ઓળખાવે એવો ગુરુ ક્યાં? અખાએ કહ્યું તે જ કદાચ સાચું છેઃ ગુરુ થા તારો તું જ. આપણે લઘુ મટીને ગુરુ થવાનું છે. વામન મટીને વિરાટ થવાનું છે. પામર મટીને પરમ થવાનું છે. હકીકતમાં આપણી પામરતાની વચ્ચે આપણે આપણા પરમને તલાશવાનું છે. **ઘેટામાં ભળી ગયેલા આપણા સિંહને આપણે જ શોધી કાઢવાનો છે. ખોવાઈ ગયેલા મારા ચહેરાને મારે શોધવાનો છે.**

મૂળ વાત એ છે કે આપણા પોતામાં ઘણી બધી શક્યતાઓ છુપાયેલી, સંતાયેલી, ઢંકાયેલી છે. આપણે ગર્ભદીપ જેવા છીએ. આપણી ભીતર પ્રકાશ જ છે, પણ આપણને અંધકાર સિવાય કોઈનો પરિચય જ નથી. હું મને ભૂલી ગયો છું. **મારે મને ફરી પાછો યાદ કરાવવાનો છે એ જ મારું સૂત્ર, મારો ધ્રૂવમંત્ર હોઈ શકે.**

**સુરેશ દલાલ**



નવી દિશા... નવા વિચાર...









## સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલિટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય...

## જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

| દિનેશભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| ઈન્ચાર્જ સેક્ટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડિરેક્ટરગણ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા**



# સમાજ સૃષ્ટિ

નીતા એ. પંડિત
(લેખિકા જાણીતાં કોલમિસ્ટ છે)




# 'વન્દે માતરમ્'

'વન્દે માતરમ્' સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ છેઃ માની વંદના કરું છું. 'વન્દે માતરમ્'ને મંત્ર કહી શકાય. આ શબ્દમાં એક એવી અલૌકિક દિવ્ય શક્તિ છે, જેનો ફક્ત ઉચ્ચાર કરવાથી જ વ્યક્તિ નિર્ભય થઈ જાય છે. જે મંત્રની રચના કરે તેને ઋષિ કહેવાય છે. **દિવ્ય પ્રેરણાના બળથી તેઓ અલૌકિક, શક્તિ સંપન્ન મંત્રનાં દર્શન કરે છે તેથી જ ઋષિને મંત્રદૃષ્ટા કહેવાય છે.**

'વન્દે માતરમ્' મંત્રના દૃષ્ટા હતા બંકિમચંદ્ર. તેમના ધ્યાન અને અનુભૂતિમાંથી આ મંત્ર ઉદ્‌ભવ્યો હતો. બંકિમચંદ્રને કઈ દિવ્ય અનુભૂતિથી આ મહાગાન લખવાની પ્રેરણા અને ઉત્સાહ મળ્યા હશે? ...તે દિવસે સપ્તમી હતી... દુર્ગાપૂજાની રાત્રી... બંકિમચંદ્ર પ્રતિમાનાં દર્શન માટે ગયા હતા. મૂર્તિ સમક્ષ પ્રણામ કરવાની મુદ્રામાં તેઓ ઊભા હતા ત્યાં એકાએક તેમને સુવર્ણ સ્વરૂપમાં મા દુર્ગાનાં દર્શન થયાં. તેમના જીવનની આ એક દુર્લભ, દિવ્ય, અવિસ્મરણીય ક્ષણ હતી. **આ જ દુર્લભ, દિવ્ય મુહૂર્તમાં તેમને ગીતની રચના કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ અને આ મહાગાન લખાયું.**


શું તમે જાણો છો 'વન્દે માતરમ્' ગીત સૌ પ્રથમ ક્યારે અને ક્યાં છપાયું? આ ગીતની રચના સૌપ્રથમ 'બંગ-દર્શન' પત્રિકામાં સન ૧૮૫૭માં પ્રકાશિત થઈ હતી. ત્યાર બાદ ૧૮૮૨માં 'આનંદમઠ'માં પ્રકાશિત થઈ. સન ૧૮૮૬માં કોલકાતામાં કોંગ્રેસ અધિવેશનની સભા ભરાઈ. તેમાં 'વન્દે માતરમ્' ગીત ગાવામાં આવ્યું. ત્યાર બાદ બંકિમચંદ્રના અવસાનમાં બે વર્ષ પછી સન ૧૮૯૬માં કોલકાતામાં કોંગ્રેસ અધિવેશનમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોરે આ ગીત ગાયું હતું. **છતાં ત્યારે પણ આ ગીતની મંત્રશક્તિ રાષ્ટ્રને જાગ્રત કરી શકી નહીં.**

૧૯૦૩માં અંગ્રેજ શાસકોએ બંગાળના બે ભાગ પાડવાનું નક્કી કર્યું. તેમનું લક્ષ્ય બંગાળીઓની શક્તિ અને તેમના મનોબળને ક્ષીણ કરી દેવાનું હતું. બંગાળીઓ ખૂબ ઉશ્કેરાયા. એક જ ક્ષણમાં આખા બંગાળમાં ઉત્સાહ અને ઉત્તેજના પ્રસરી ગયા. ઠેર ઠેર સરઘસો કાઢવામાં આવ્યાં. લૉર્ડ કર્ઝનના બંગ-ભંગના વિરોધમાં સર્વત્ર નારા પોકારાવા લાગ્યા. સાથે જ આકાશ-પાતાળને ધ્રુજાવી નાખે એવો 'વન્દે માતરમ્'નો ધ્વનિ ગૂંજી ઊઠ્યો. એક પળમાં હા, ફક્ત **એક જ પળમાં 'વન્દે માતરમ્' શબ્દે સમગ્ર રાષ્ટ્રને જગાડી દીધું... આ જાગરણનું શુભ વર્ષ હતું સન ૧૯૦૫!**

બંગાળમાં જ્યારે આવું ઉત્તેજનાપૂર્ણ વાતાવરણ હતું ત્યારે શ્રી અરવિંદ વડોદરામાં હતા. તેમણે પોતાના નાના ભાઈ બારીન ઘોષને પત્ર લખી જણાવ્યું કે હાથમાં આવેલી સુવર્ણ તકને જવા દેવી નહીં અને પછી છોકરાંઓના સુસંગઠિત નાનાં નાનાં દળ તૈયાર થવા લાગ્યાં. સર્વના મુખે માત્ર આ એક જ મંત્ર હતો, 'વન્દે... માતરમ્' અને પછી તો આ ધ્વનિ નિરંતર બુલંદ થતો ગયો. હવે શ્રી અરવિંદ પણ વડોદરા છોડી કોલકાતા આવી ગયા હતા. તેમણે કહ્યું, 'વન્દે માતરમ્' માત્ર એક ગીત નથી. આ દેશની પ્રાણશક્તિથી બનેલો જાગરણ મંત્ર છે. આ મંત્ર ફક્ત બંગાળનો જ નહીં, **માત્ર ભારતનો જ નહીં, પણ સમગ્ર એશિયાની સ્વાધીનતાનો ઉદ્‌બોધક મંત્ર છે.** ■



સંપાદક : ડૉ. ભગીરથ પટેલ
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.



# સાચી માતા

એક સમયની વાત છે. બે સ્ત્રીઓ એક બાળક માટે ઝઘડતી હતી. એક કહે, ‘આ બાળક મારું છે. હું તેની માતા છું.’ બીજી સ્ત્રી કહે, ‘જા જા... હવે હું જ તેની સાચી માતા છું. આ તો મારું બાળક છે.’

આ પ્રશ્નનો ઉકેલ ન આવતાં તે બંને સ્ત્રીઓને ન્યાયાધીશ પાસે લાવવામાં આવી. ન્યાયાધીશે બંને સ્ત્રીઓની વાત સાંભળી. **ન્યાયાધીશને પણ મનમાં મૂંઝવણ થઈ, ‘આ ઝઘડાનો ઉકેલ લાવવો શી રીતે?’**

ખૂબ વિચારને અંતે તેમણે ઉકેલ શોધી કાઢ્યો. તેમણે પોતાના માણસને કહ્યું, **‘ચાલો, આ બાળકના બે સરખા ટુકડા કરી બંને સ્ત્રીઓને વહેંચી દો, એટલે વાત પતે.’**

આ સાંભળતાં જ એક સ્ત્રીએ મોટી ચીસ પાડી કહ્યું, ‘દયા કરો નામદાર... બાળકના ટુકડા ના કરશો. મારા લાલને જીવતો રહેવા દ્યો. પેલી સ્ત્રીને જ આ બાળક આપી દો. **હું બાળક પરનો મારો દાવો છોડી દઉં છું.’**

બીજી સ્ત્રી ન્યાયાધીશનો ચુકાદો સાંભળી ચુપચાપ ઊભી જ રહી. શાણો ન્યાયાધીશ આ બંનેમાં સાચી માતા કોણ છે તે સમજી ગયો. જે સ્ત્રીએ બાળકને જીવતું રાખવાની વાત કરી હતી તે જ સ્ત્રી તેની સાચા માતા હતી. ન્યાયાધીશે તેને બાળક સોંપી દીધું. **બીજી સ્ત્રીને ખોટું કરવા બદલ જેલમાં મોકલી દીધી.** ■

# ઘેટાના વેશમાં વરુ



એક દિવસ એક વરુને ક્યાંકથી ઘેટાની ખાલ મળી આવી. તે ખાલ તેણે ઓઢી લીધી અને મેદાનમાં જ્યાં ઘેટાં ચરતાં હતાં ત્યાં જઈને ટોળામાં ભળી ગયું. તેણે વિચાર્યું, ‘સાંજ ઢળશે, ભરવાડ ઘેટાંને વાડામાં પૂરશે. હું પણ તેમાં હોઈશ. **રાતના એક અલમસ્ત ઘેટાને ઉઠાવી ભાગી જઈશ અને મોજથી ખાઈશ. મજા પડશે.’**

સાંજ ઢળી. ભરવાડે બધાં ઘેટાંને વાડામાં પૂરી દીધાં. પછી તે ચાલ્યો ગયો. વરુ તો રાત થવાની રાહ જોવા લાગ્યું, પણ તે વખતે ન થવાનું થયું. ભરવાડનો એક નોકર વાડામાં પ્રવેશ્યો. તેના માલિકે તેને વાડામાંથી અલમસ્ત ઘેટાને લાવી તેનું ભોજન બનાવવાનું કહ્યું હતું. નસીબની બલિહારી તો જુઓ... **નોકરે ઘેટાની ખાલ ઓઢેલા વરુને જ ઉઠાવી લીધું.**

એ રાતે ભરવાડ અને તેના **મહેમાનોએ ભોજનમાં વરુની મિજબાની આનંદભેર માણી.** ■

# પ્રવૃત્તિઓનો અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## દેશની આઝાદી માટે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની લાગણી અને વિશ્વાસથી પ્રેરાઈ તે સમયના રાજવીશ્રીઓએ પોતાના રજવાડાંઓ રાષ્ટ્રને સમર્પિત કર્યા છે તેવા રાજવીશ્રીઓના વંશજો મા ઉમિયાના દર્શનાર્થે





તા. ૧૩-૦૯-૨૦૨૩ના રોજ રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના રાજવી પરિવારમાંથી શ્રી યાદવેન્દ્રસિંહજી જાડેજા, શ્રી વિરેન્દ્રસિહ જાડેજા, શ્રી અર્જુનસિંહજી ગોહિલ તેમજ માંડાવડથી દરબારસાશ્રી પુંજાવાળા બાપુ વિશ્વ ઉમિયાધામ ખાતે જગત જનની મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. જ્યાં તેઓએ પૂજા - અર્ચના કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. ત્યારબાદ સંસ્થા દ્વારા આયોજીત તા. ૩૧-૧૦-૨૩ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ નિમિતે **"સરદાર પટેલ ગૌરવ ગાથા"** ના આયોજન અંતર્ગત સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબે વિગતે માહિતગાર કર્યા.

## VUF - U.K. સ્નેહમિલન કાર્યક્રમ





UK માં વસતા સમાજના પરિવારોને સંસ્થાની વિચારધારામાં સહભાગી બનાવવા તથા અરસપરસના વિચારોનું આદાન - પ્રદાન કરવાના હેતુસર સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં VUF ઈન્ટરનેશનલ વેલ્ફેર કાઉન્સિલના ચેરમેનશ્રી બિશ્વનાથ એન. પટનાયક, સમાજશ્રેષ્ઠી તથા કાર્યકર્તા ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં શ્રી દિપક પટેલ, શ્રી વિશાલ પટેલ વિગેરેએ લગનપૂર્વક મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવેલ તે બદલ સંસ્થા તમામને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તેમજ અન્ય હોદ્દેદારશ્રીઓ ઓનલાઈનના માધ્યમથી જોડાઈ સંસ્થાના વિઝન - મિશન તથા અન્ય પ્રવૃત્તિઓથી માહિતગાર કરેલ.

## GPSC વર્ગ - ૧,૨ મોક ઈન્ટરવ્યૂ





GPSC દ્વારા લેવાયેલ વર્ગ - ૧, ૨ ની મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે મોક ઈન્ટરવ્યૂનું આયોજન સંસ્થા દ્વારા રેડીયન્ટ સ્કૂલ, સરગાસણ - ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરી અને મોક ઈન્ટરવ્યૂમાં ભાગ લીધો હતો. જેમાં ભારત સરકાર તથા ગુજરાત સરકારના અધિકારીશ્રીઓ, એક્સપર્ટ ટીમ ઉપસ્થિત રહી વિવિધ વિષયો ઉપર જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

## ગણેશ ચતુર્થી પર્વ ઉપર હોદ્દેદારશ્રીઓ દ્વારા પૂજા - પાઠ



ગણેશ ચતુર્થી એટલે વિક્રમ સંવતની ભાદરવા સુદ ચોથનો દિવસ, તે દિવસે ગણેશજીનો જન્મદિવસ મનાવવામાં આવે છે. હિન્દુઓમાં દરેક શુભ કાર્યની શરૂઆત વિઘ્નહર્તા ગણપતિજીની પૂજાથી કરવામાં આવે છે, ત્યારે ગણેશ ચતુર્થી પર્વ ઉપર સંસ્થાના હોદ્દેદારશ્રીઓએ પૂજા - અર્ચના કરી મા ઉમિયા તથા ગણેશજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## વિશ્વ ઉમિયાધામ - પર્યાવરણ અભિયાન



વિશ્વ ઉમિયાધામ - ઉપવનમાં ૧.૫ લાખ વૃક્ષારોપણ અભિયાનના ભાગરૂપે સ્યુઈંગ સ્ટેટર પ્રા.લી. કંપનીના ડાયરેક્ટર શ્રી શક્તિકુમાર તેમજ અમદાવાદ ઓફિસના સ્ટાફ દ્વારા ૧૫૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ ઉમદા કાર્યમાં જોડાવવા માટે સંસ્થા દ્વારા કંપનીના ડાયરેક્ટરશ્રીને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સરદાર પટેલ ગૌરવ ગાથા



આઝાદ ભારતને અખંડ ભારત બનાવનાર, લોખંડી મનોબળ અને કુશળ રાજનીતિજ્ઞ એવા દેશના ગૌરવસમા સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના પ્રેરણાદાયી જીવન ચરિત્રથી દેશની વર્તમાન પેઢી પરિચિત થઈ શકે અને રાષ્ટ્ર ભાવનાની ખુમારી અનુભવી શકે તેવા અભિગમ સાથે તેમની જન્મજયંતિને (તા. ૩૧-૧૦-૨૦૨૩) વિશિષ્ટ અને યાદગાર રીતે ઉજવવાના સંકલ્પ સાથે સંસ્થાએ...

## "સરદાર પટેલ ગૌરવ ગાથા"

નું ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે.

આ પ્રસંગે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ પ્રત્યેના પ્રેમ, લાગણી અને વિશ્વાસથી આઝાદ ભારતના આપણા રાજવીઓએ ઘડીનો પણ વિલંબ કર્યા વિના પોતાના રજવાડાંઓ સમર્પિત કરીને અભૂતપૂર્વ ત્યાગ અને સમર્પણના દર્શન કરાવ્યા છે. જે માટે સમગ્ર દેશની જનતા ગૌરવ અને અહોભાવની લાગણી અનુભવે છે, ત્યારે...

આઝાદ ભારતના ખમીરવંતા રાજવીઓની દેશ પ્રત્યેની ત્યાગ અને સમર્પણની ભાવનાને બિરદાવવા તેમજ તેમના પ્રત્યેનું ઋણ અદા કરવા અંતર્ગત તત્કાલીન રાજાઓના વારસદાર રાજવીઓનું ગરિમાપૂર્ણ સન્માન કરવા ભવ્ય સમારોહનું આયોજન કરેલ છે.

સરદાર પટેલ સાહેબની ગૌરવ ગાથા તેમજ સન્માન સમારોહ કાર્યક્રમમાં દેશના વિશિષ્ટ અને અતિ આદરણીય મહેમાનશ્રીઓ સમાજશ્રેષ્ઠીશ્રીઓ, રાજસ્વી મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહેનાર છે. જેમાં આપ સર્વેને પધારવા ભાવભર્યું હાર્દિક નિમંત્રણ છે.

**આર. પી. પટેલ**
**પ્રમુખ**




આ ખેલ મહાકુંભનો હેતુ મા ઉમિયાના ૫૦૪ ફૂટ ઊંચા વિશ્વ શ્રેષ્ઠ મંદિરના નિર્માણની પ્રક્રિયામાં તમામ પરિવારોને સેવા, સમર્પણ અને સહકારની ભાવનાથી જોડવાનો છે. મા ઉમિયાની દિવ્યતાના પગલે પગલે તમામ ભક્જનોને આસ્થા દ્વારા આધ્યાત્મિકતા અને ખેલકૂદથી પરસ્પર જોડી શકાય.

ખેલકૂદથી ઉદ્યોગ સાહસિકતાના ગુણો કેળવાય તે અત્યંત જરૂરી છે. ગુજરાતનો દરેક યુવાન ટેકનોલોજી આધારિત આભાસી રમતો પરથી ધ્યાન હટાવી, મેદાનમાં રમતી વાસ્તવિક રમતો દ્વારા જીવનના પાઠ શીખે તે જરૂરી છે, તે માટે રમત-ગમતને અધ્યાત્મ સાથે જોડી તેના દ્વારા તમામ ગુજરાતીઓ ખભે ખભા મિલાવીને કાર્ય કરશે તો યુવાઓની ઊર્જા દ્વારા ગુજરાતની વ્યવસાયિક, ઔદ્યોગિક અને આધ્યાત્મિક પ્રગતિમાં વધારો થશે.

આ મહોત્સવનું અંતિમ લક્ષ્ય દરેક પરિવારના નવી પેઢીના ખેલાડીઓને ગુજરાતના આદર્શ રમતવીર બનાવવાનું છે. આ મહા ઓલિમ્પિયાડ દ્વારા નવી પેઢીને ખેલકૂદની પ્રવૃત્તિમાં ભાગ લેવા માટે પ્રેરિત કરીને ખેલકૂદ ક્ષેત્રે કારકિર્દી બનાવવા, વિજ્ઞાન દ્વારા પોતાના વ્યવસાયને શ્રેષ્ઠ બનાવવા તેમજ સ્વધર્મ અને રાષ્ટ્રધર્મ માટે જાગૃત કરવાનો પ્રયાસ છે.



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

# VUF IAS ACADEMY

## Center for Excellence

**Vishv Umiya Foundation - Vishv Umiyadham**

**GPSC Class 1-2, DYSO, STI, PI, Dy. Mamlatdar, Class - 3**

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ
- મેન્ટરશીપ પ્રોગ્રામ
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા
- અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર

**મુખ્ય કાર્યાલય : વિશ્વ ઉમિયાધામ - જાસપુર, એસ.જી.હાઈવે, અમદાવાદ**

**: સ્થળ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
૫૧૫, પાંચમો માળ,
ગિરીવર ગ્લેન મોલ, ઓઢવ
રોડ, નિકોલ, અમદાવાદ
મો.નં. - ૭૨૦૨૦ ૮૦૨૦૨

- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ UPSC / GPSC તથા અન્ય વર્ગ 3 માટે વિદ્યાર્થીઓને કોચિંગ મળી રહે તે માટે નિકોલ ખાતે નવી બેચની શરૂઆત ટૂંક સમયમાં થનારી છે.
- જેમાં વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા, ઈન્ટરવ્યુ લઈને તાલીમ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સંસ્થા ખૂબ જ નજીવા દરે વિદ્યાર્થીઓને પ્રશિક્ષણ આપશે.
- GPSC વર્ગ-૧-૨ના મોક ઈન્ટરવ્યુ ગાંધીનગર ખાતે ભારત સરકાર તથા ગુજરાત સરકારના અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.
- આગામી સમયમાં UPSC તથા GPSC ની રેગ્યુલર બેચ શરૂ થવા જઈ રહી છે. જે માટે ટૂંક સમયમાં UPSC ના ફોર્મ ભરાવવાના શરૂ થશે. આ માટે સંસ્થાની વેબસાઈટ અને આપેલ નંબર પર સંપર્ક કરવો.
- સંસ્થાના સંગઠનના માધ્યમથી UPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમાજના વિદ્યાર્થીઓ વધુમાં વધુ જોડાય તે માટે દરેક જીલ્લા લેવલે સેમિનાર તથા બુકલેટના માધ્યમથી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.
- સંગઠનના માળખામાં શિક્ષણનું પ્રચાર અને પ્રસાર વધે તે માટે અલગથી શિક્ષણ સેલ ઉભું કરવામાં આવશે. જેનો મુખ્ય હેતુ સંસ્થા દ્વારા થતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે UPSC / GPSC તથા અન્ય કેરિયર ડેવલોપમેન્ટ માટેની કામગીરી હાથ ધરવામાં આવશે.

**સામાજિક સંબંધોના વૈશ્વિક જોડાણ અંતર્ગત સમાજના દિકરા-દિકરીઓ તેમજ તેમના પરિવારોની વિગતવાર માહિતી એકબીજાને પૂરી પાડીને લગ્ન માટેના સંબંધોથી જોડાય તે માટે સંસ્થા દ્વારા**

## મેટ્રીમોનિયલ સર્વિસીસ



**@ સાયન્સ સીટી, અમદાવાદ**
૮૦૭, "ફોર્ચ્યુન બીઝનેસ હબ"
શેલ પેટ્રોલ પંપની બાજુમાં,સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦. (Mo.) 63599

**@ અલથાણ, સુરત**
૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ,
મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા
મોલની બાજુમાં, સુરત. (Mo.) 93767

મેટ્રીમોનીયલ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org ઉપર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

### કેનેડા - અમેરિકામાં સંસ્થાની યુથ ટીમ દ્વારા મદદ



- કેનેડા - અમેરિકા અભ્યાસ અર્થે જતા કોઈપણ વિદ્યાર્થીઓને એરપોર્ટ ઉપરથી લેવા-જવાની, રહેવા તેમજ જમવાની હંગામી સુવિધા.
- કોલેજ - યુનિવર્સિટીની પસંદગીમાં માર્ગદર્શન.
- પાર્ટ ટાઈમ જોબમાં મદદરૂપ (શક્ય હોય ત્યાં)

**vibes**

Vishv Umiya International Business Entrepreneurs with Social Network

વ્યાવસાયિક અને સામાજિક નેટવર્કનું પ્લેટફોર્મ
Ahmedabad - Vadodara

JOIN NOW
Follow us : vibes.vuf vibes.vuf + 91 98250 97299
Email : vibes@vishvumiyafounation.org | web:vibesvuf.com

## ઉમા લગ્ન સંસ્કાર



**સમાજના આર્થિક તેમજ જરૂરિયાતમંદ પરિવારો મા ઉમિયાના સન્મુખ શાસ્ત્રોક્ત વિધિવત્ અને ધાર્મિક પરંપરા અનુસાર**

- દિકરીને પાનેતર
- ચોરી - બેઠક વ્યવસ્થાની સુવિધા
- બંને પક્ષના કુલ ૧૦૦ મહેમાનશ્રીઓને ભોજન પ્રસાદ

## શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ

उमा स्वादं

સ્વાદ એવો, માં ની મમતા જેવો...

જગતજનની મા ઉમિયાજીના પ્રસાદ સ્વરૂપે
ગાયના ઘી અને ગુણવત્તાયુક્ત
મીઠાઈ અને નમકીનની વિશાળ
શ્રેણી હવે Online ઉપલબ્ધ છે.





દરેક તહેવાર, પ્રસંગ
અને ઉજવણી માટે હવે
Pre Order Booking
કરાવી શકો છો

પ્રસાદની પવિત્રતા,
શુદ્ધતા અને
ગુણવત્તાની પ્રતિબદ્ધતા

For Online Order Booking :

umaswadam.vishvumiyafoundation.org

* Minimum online order Qty. 2 kg.

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં
આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

## ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

સંસ્થાની સમાજોપયોગી વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી સમાજના વિવિધ વર્ગમાં દરેક પરિવારોને મળી રહે તેવા ભાવ સાથે માસિક મુખપત્ર - ઉમાસૃષ્ટિ મેગેઝીન સંસ્થાએ શરૂ કરેલ છે.

**ઉમાસૃષ્ટિ માસિકના વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ**

૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/-

૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/-

સંસ્થા દ્વારા સરકારશ્રીના સહયોગથી રાષ્ટ્ર ભાવનાને ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ ઉપવનમાં ૧.૫ લાખ વૃક્ષારોપણના સંપૂર્ણ જતન સાથેની કામગીરી. જ્યાં દર માસે એક દિવસ શ્રમદાન આપીને અથવા દર વર્ષે રૂા. ૧,૦૦૦/- સહયોગથી વૃક્ષ દાતા બની પર્યાવરણ અભિયાનમાં જોડાવા માટે...

વિશ્વ ઉમિયાધામ ઉપવન

જન-જનની ભાગીદારી અને વૃક્ષોનું સંવર્ધન

૧ વર્ષ ૧૦૦૦ રૂપિયામાં ૩ વર્ષના જતન સાથે

SCAN TO DONATE

PhonePe Paytm G Pay UPI

MERCHANT NAME: VISHV UMIYA vishvaumiya@ybl

QR Code
Vishv Umiya Foundation
UPI Code : vishvumiya@ybl

**દાન આપવા માટે બેંકની વિગત :**

- A/c Name: Vishv Umiya Foundation
- Bank: The Mehsana Urban Co-op. Bank Ltd. Ahmedabad
- Bank A/c No. : **0044 100 100 1446**
- IFSC CODE : **MSNU0000044**

विश्व ઉमियाधाम

અમદાવાદ

આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Vishv UMIYA Foundation

Vibes 9ratri 2023



# GOTILO

Tamara Pass

Aavi rahya che **VIBES** na

*Garba raas*



**DATE**

**23rd October, 2023**
**Monday**

**VENUE**

**M K FARM**

Sardar Patel Ring Road,
B/h Evergreen Party Plot,
Ahmedabad, Gujarat - 380060.

LOCATION

Vibes
यत् भावो - तत् भवति

VISHV UMIYADHAM, JASPUR, OPP. VAISNODEVI TEMPLE, S.G. HIGHWAY, AHMEDABAD.

+91 98250 97299

# 'ઉમા સૃષ્ટિ' સંપૂર્ણ પારિવારિક સામયિક છે



**જગદીશચંદ્ર બી. પટેલ**
(પ્રમુખ, રાજપથ ક્લબ)

પ્રતિ,
**ડૉ. પ્રભુદાસભાઈ પટેલ**
મેનેજિંગ એડિટર - **'ઉમા સૃષ્ટિ'**
જય ઉમિયા...

આપને અભિનંદન સાથે વંદન. એટલા માટે કે આપની સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત થતું આ **'ઉમા સૃષ્ટિ' સામયિક આકર્ષિત અને અનુપમ છે.**


ખાસ કરીને કવર પેજ, લે આઉટ, ધર્મ, સમાજ, શિક્ષણ, નારી અને બાલસૃષ્ટિ વિભાગના સુંદર અને **નીવડેલા લેખકો દ્વારા લખાયેલા લેખો પ્રકાશિત થાય છે.**


સૌથી ધ્યાન ખેંચે તેવા સામયિકની મધ્યમાં **'બહુરત્ના વસુંધરા'** વિભાગમાં કોઈ વિશિષ્ટ મહાનુભાવોનો ઇન્ટરવ્યૂ. છેલ્લા સપ્ટેમ્બર-૨૦૨૩ના સામયિકમાં ગુજરાત સરકારના પૂર્વ ચીફ સેક્રેટરી શ્રી લહેરી સાહેબ સાથેની મુલાકાતના અંશો લીધા છે. **ખૂબ જ ધારદાર પ્રશ્નો અને જવાબો અતિ સુંદર - અસરકારક... ધન્યવાદ.**

આપનો તંત્રીલેખ અને તેની નીચે **'માણિક્યમ'** શીર્ષકથી મૂકેલો સંદેશ દિલ અને દિમાગને હલાવી નાખે છે. I appreaciate.

વિશ્વ ઉમિયાધામને વિશ્વની એક અજાયબી સુધી પહોંચાડવાનો પ્રમુખ **આર. પી. પટેલ**નો નિશ્ચય અને કટિબદ્ધતાને પ્રણામ. **કુળદેવી મા ઉમિયાનું વિશ્વમાં સૌથી ઊંચું (૫૦૪ ફૂટ) મંદિર નિર્માણકાર્ય તેજ ગતિએ ચાલી રહ્યું છે, જે પૂર્ણ થયે ગુજરાતનું તિરુપતિ કહેવાશે.**







ફરી એક વાર સંપૂર્ણ પારિવારિક સામયિક 'ઉમા સૃષ્ટિ'ના પ્રકાશન માટે તંત્રી **ડૉ. પ્રભુદાસ પટેલ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની સમગ્ર ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન.**

મેં મારી ક્લબના તમામ લબ્ધપ્રતિષ્ઠિત સભ્યોને **'ઉમા સૃષ્ટિ'ના ગ્રાહક બનવાની અપીલ કરી છે.** ■








Security with CCTV
Jogging Track
Landscape Garden
Club House Indoor games
Multi Purpose Hall
Open Theatre
Gymnasium
Gazebo
Children Play Area
Senior Citizen Sitting
Drop Off Zone
DG Set

# THE SPIRE

**3 BHK HAPPY LIVING & SHOPS**

SCAN FOR LOCATION

**Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club**
**S.P. Ring Road, Ahmedabad 380060**

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™ Always Fly High




CAN | US | AUS | NZ | UK

Call Now +91 9574008581

IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**

403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721, Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

**20000+** પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

**૭૦ દેશોના લોકોને સારવાર આપનારા**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES
AT SOUTH BOPAL
PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES
AT SG HIGHWAY
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/AIC/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES
AT AMBLI "T" JUNCTION
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES
AT SINDHU BHAVAN EXTENSION ROAD
PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK
KIDS FRIENDLY HOMES
COMING SOON
OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)
+91 98254 42197